નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper



ગુરુકૂળમાં ભણતા બાળકોના વાલીઓ બાળકોના એડમિશન રદ કરાવવા દોડતા થયા

જુઓ પેજ નં.૦૭

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date :18 JUNE 2024 I TUESDAY I Page : 19 I Year : 2 I Issue :69 I Price: 2/-

# દાર્જિલિંગમાં ટ્રેન અકસ્માત, 15નાં મોત, 60 ઘાયલ

## માલગાડીએ કંચનજંગા એક્સપ્રેસને ટક્કર મારી; રેલવેએ કહ્યું– માલગાડીના ડ્રાઈવરે સિગ્નલ તોડતા દુર્ઘટના સર્જાઈ

**■ સોમવારે સવારે ૯ વાગ્યે રંગપાની અને નિજબારી વચ્ચે આ અકસ્માત થયો હતો, ટ્રેન સિયાલદહ જઈ રહી હતી**



દાર્જિલિંગ, તા. ૧૭: પશ્ચિમ બંગાળમાં એક મોટો ટ્રેન અકસ્માત થયો છે. પશ્ચિમ બંગાળના દાર્જિલિંગમાં સોમવારે સવારે લગભગ ૯ વાગ્યે એક માલગાડીએ કંચનજંગા એક્સપ્રેસ (૧૩૧૭૪)ને પાછળથી ટક્કર મારી હતી. અકસ્માતમાં કંચનજંગા એક્સપ્રેસના ૩ ડબ્બાને ભારે નુકસાન થયું હતું. અત્યાર સુધીમાં બે લોકો પાઈલટ અને એક ગાર્ડ સહિત ૧૫ લોકોના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે ૬૦ લોકો ઘાયલ છે. ગેસકટર વડે ડબ્બા કાપીને લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા.

બપોરે ૧૨.૪૦ વાગે સિયાલદહ માટે સ્પેશિયલ ટ્રેન રવાના થઈ છે. ટ્રેનમાં મોટાભાગના મુસાફરો માલદા અને બોલપુરના છે. સિંગલ લાઇન પર ટ્રેન સેવા શરૂ કરવામાં આવી છે.

કંચનજંગા એક્સપ્રેસ પશ્ચિમ બંગાળના અગરતલાથી સિયાલદહ જઈ રહી હતી. રેડ સિગ્નલના કારણે એક્સપ્રેસ ટ્રેનને સિલિગુડીના રંગપાની સ્ટેશન પાસે રૂઈધાસા ખાતે રોકી દેવામાં આવી હતી. આ દરમિયાન પાછળથી આવી રહેલી માલગાડીએ ટક્કર મારી હતી. માલગાડીના પાઈલટે સિગ્નલ તોડ્યું હતું, જેના કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આ મૃતકોના પરિવારજનોને ૧૦ લાખ રૂપિયા, ગંભીર રીતે ઘાયલોને ૨.૫૦ લાખ રૂપિયા અને સામાન્ય ઘાયલોને ૫૦ હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. આ સિવાય અકસ્માતમાં માર્યા ગયેલા લોકોને પ્રધાનમંત્રી રાહત ફંડમાંથી ૨ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦ હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરવામાં આવી છે.

ટક્કર એટલી ભયાનક હતી કે એક્સપ્રેસ ટ્રેનનો એક કોચ માલગાડીના એન્જિન પર હવામાં લટકી ગયો હતો. જ્યારે અન્ય બે કોચ પાટા પરથી ઉતરી ગયા હતા. ગઉછ્ઞ્ર અને જીઉછ્ઞ્ર સહિત રેલવે અને બંગાળના અધિકારીઓ પણ બચાવ કાર્યમાં લાગેલા છે.

આશંકા છે કે માલગાડીના પાઇલટે સિગ્નલની અવગણના કરી હતી, જેના કારણે આ દુર્ઘટના ઘટી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે એક્સપ્રેસ ટ્રેનનો એક ડબ્બો માલગાડીના એન્જિન પર ચડી ગયો હતો. જ્યારે અન્ય બે કોચ પાટા પરથી ઊતરી ગયા હતા.

**પીએમ મોદીએ મૃતકોના પરિવારજનો માટે સહાયની જાહેરાત કરી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી છે કે પશ્ચિમ બંગાળમાં ટ્રેન દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોના પરિવારજનને વડાપ્રધાન રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી ૨-૨ લાખ રૂપિયા સહાય આપવામાં આવશે. જ્યારે ઘાયલોને ૫૦-૫૦ હજાર રૂપિયા આપવામાં આવશે.

# વડાપ્રધાન મોદી ૨૬ જૂને મૂકશે સ્પીકરના નામનો પ્રસ્તાવ, ૨૭ જૂને રાષ્ટ્રપતિનું અભિભાષણ

સામના મિરર, સંવાદદાતા

દેશમાં ભાજપે એનડીએના સહારે ત્રીજી વખત સરકાર બનાવ્યા બાદ નરેન્દ્ર મોદી ત્રીજી વખત વડાપ્રધાન બન્યા છે, ત્યારે હવે લોકસભા અધ્યક્ષ પદની પસંદગી કરવાની બાકી છે. સૂત્રોના જણાવ્યા મુજબ ૨૪ જૂનથી સંસદનું વિશેષ સત્ર શરૂ થશે, જે આઠ દિવસ સુધી યોજાશે. આ દરમિયાન ૨૪ અને ૨૫ જૂને નવા સાંસદોનો શપથગ્રહણ સમારોહ અને ૨૬ જૂને લોકસભા અધ્યક્ષની ચૂંટણી યોજાઈ શકે છે. સૂત્રોના જણાવ્યા મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ દિવસે લોકસભા અધ્યક્ષ પદ માટે એનડીએના ઉમેદવારના નામનો પ્રસ્તાવ મૂકશે. અધ્યક્ષની ચૂંટણી બાદ વડાપ્રધાન મોદી મંત્રી પરિષદની રજૂઆત કરશે.

મળતા અહેવાલો મુજબ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ( ) ૨૭ જૂને અભિભાષણ કરશે. આ દરમિયાન રાષ્ટ્રપતિ લોકસભા અને રાજ્યસભાના જોઈન્ટ સત્રને સંબોધીત કરશે. ૧૮મી લોકસભાના પ્રથમ સત્રમાં નવા સાંસદોને શપથ લેવડાવશે. ત્યારબાદ રાષ્ટ્રપતિ મુર્મૂ લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકને સંબોધિત કર્યા બાદ આગામી પાંચ વર્ષ માટે નવી સરકારના રોડમેપની રૂપરેખા રજુ કરશે. લોકસભા ચૂંટણી-૨૦૨૪માં ઈન્ડિ ગઠબંધને ૨૩૫ બેઠકો જીતી છે, જેના કારણે નીચલા ગૃહને ૧૦ વર્ષ પછી વિપક્ષી નેતા મળશે. આ ઉપરાંત વિપક્ષ ઉપાધ્યક્ષ પદની ચૂંટણીની પણ આશા રાખી રહ્યું છે. વાસ્તવમાં છેલ્લા પાંચ વર્ષથી ઉપાધ્યક્ષ પદ ખાલી છે. ૧૭મી લોકસભામાં ઉપાધ્યક્ષ પદ પાંચ વર્ષથી ખાલી છે. ગૃહમાં કોઈ વિપક્ષી નેતા ન હોવાનું બીજી વખત બન્યું છે. સામાન્ય રીતે ઉપાધ્યક્ષનું પદ વિપક્ષને આપવામાં આવે છે.સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ ( )ના નિવાસસ્થાને સંસદ સત્ર મુદ્દે રવિવારે મહત્ત્વની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ભાજપ અધ્યક્ષ જે.પી.નડ્ડા, રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ, કિરણ રિજિજૂ, જેડીયૂ નેતા લલન સિંહ, ચિરાગ પાસવાન ઉપસ્થિત હતા.

# ટેટ-ટાટ પાસ ઉમેદવારો હવે લડી લેવાના મૂડમાં, આજે ગાંધીનગરમાં સરકાર સામે દેખાવ કરશે

ગુજરાતની સરકારી-ગ્રાન્ટેડ સ્કૂલોમાં શિક્ષકોની હજાર જગ્યાઓ ખાલી છે ત્યારે સરકારે કાયમી ભરતી કરવાને બદલે ગત વર્ષે જ્ઞાન સહાયકની યોજના લાગુ કરીને ૧૧ માસ માટે કરાર આધારીત શિક્ષકોની ભરતી કરતા રાજ્યભરમાં ઉગ્ર વિરોધ સાથે રોષ ભભૂકી ઉઠ્યો હતો.પરંતુ હવે હજારો ઉમેદવારો આ કરાર આધારીત ભરતીમાં જોડાવા તૈયાર નથી અને કાયમી ભરતીની જ ઉગ્ર માંગ કરી રહ્યા હોઈ આજે ટેટ-ટાટ પાસ ઉમેદવારો દ્વારા ગાંધીનગર ખાતે સરકાર સામે મહા આંદોલન કરવામા આવનાર છે. ગુજરાતની સરકારી-ગ્રાન્ટેડ પ્રાથમિક સ્કૂલોથી માંડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં સરકારે જ્ઞાન સહાયકની યોજના અમલમાં મુકી છે. ટેટ-ટાટ પાસ કર્યા બાદ પણ માત્ર ૧૧ માસ માટે હંગામી નોકરી મેળવવાની હોવાથી ગત વર્ષે ભરતીમાં પ્રાથમિકથી માંડી માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિકમાં હજારો ઉમેદવારો નિમણૂંક બાદ પણ હાજર થયા ન હતા. પરિણામે શિક્ષકોની જગ્યા મોટી સંખ્યામાં ખાલી પડી છે.



તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# બેરોજગારી વધવાની છે




દેશના તમામ પ્રશ્નો અને સમસ્યાઓ માટે રાજકારણ એક બાબતમાં તો આશ્વાસન છે કે બધું જ એ ક્ષેત્ર અને એના નેતાઓ પર ઢોળી શકાય છે. આ હૈયાધારણા નાનીસૂની નથી. જે બેરોજગારોને નોકરી અપાવવાની વાતો ચોરતરફ ગુંજે છે તેમાં એ યુવક અને યુવતીઓની ક્ષમતાઓ વિશે ભાગ્યે જ વાત થાય છે. સારું છે કે રાજ્ય અને કેન્દ્ર સરકારની ભરતી પ્રક્રિયા અંતર્ગતની પરીક્ષાઓ આ બેરોજગારોને સમયાંતરે એ અહેસાસ કરાવતી રહે છે કે તેઓએ તેમના અભ્યાસકાળમાં અને પછી કેટલો વ્યર્થ રઝળપાટ કર્યો છે!


બહારથી દેખાતા રોલમોડેલ ઉપરાંતના પણ કેટલાક રોલમોડેલ હવે દેખાવા લાગ્યા છે, આ એક નવી હવા છે, જેમાં સરકારી પરીક્ષાઓમાં સફળ નીવડતા ઉમેદવારો છે. કલાસ-વન કે કલાસ-ટુની વાત તો ઠીક છે, સરકારી કર્મચારીઓમાં તલાટી પણ હવે રોલ મોડેલ તરીકે દેખાય છે, કારણ કે એ પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું કામ ધૂમ કલ્ચરમાં બાઇક ચલાવનારાઓનું તો નથી જ. અત્યારે રાજકારણીઓને ઠપકો આપવાના બહાને આ બેરોજગારોને પંપાળીને જે રીતે ભારતીય સમાજ ઉછેરે છે તે ખરેખર તો નવી પેઢીનું અહિત જ કરે છે. આજના યુવા વર્ગને ઘઉંની સિઝનમાં એ પણ ખબર હોય છે કે તેમના પરિવારને વાર્ષિક ખરેખર કેટલા ઘઉંની જરૂર હોય છે? અરે, તેમને શાક માર્કેટમાં મોકલીને કહો કે ચાર મહેમાન આવવાના છે એટલે વધારાના શાકભાજી લઇ આવો, તો પણ તેઓ જે થેલી લાવે તેમાંથી ગુણવત્તા અને સપ્રમાણતાને બદલે છબરડાઓ વધુ ઊંચકીને લેતા આવશે.

ઘરમાં બેટા... બેટા... કહીને માત્ર ઉછેરીને મોટા કરી આપેલાં આ સંતાનો તેમની પોતાની જ જિંદગીમાં અધિક વાત્સલ્યના ગેરલાભ જાણે એ પહેલા એને વ્યવહાર જ્ઞાન આપવાની જરૂર છે. જે ગુજરાતી સમાજ એક જમાનામાં પોતાની રળતર આવડતની કુશળતા પર મુસ્તાક હતો એ જ ગુજરાતી સમાજ આજે ટચૂકડી જાહેરખબરોમાં પોતાના સંતાનોનું ભવિષ્ય શોધતો થઇ ગયો હોય તો એનાં કારણો બહુ નિરાંતે, બહુ ઊંડાણથી અને કોઇનાય ઉપર આક્ષેપ કર્યા વિના શોધવા પડશે. આપણી નવી પેઢીમાં ક્ષમતાઓ છે તે આમ તો તેને વ્યર્થ પ્રશંસાઓથી બુઠ્ઠી કરી નાખ્યા વિના દિશા આપવા માટેની છે. પરંતુ સંખ્યાબંધ પરિવારો એવા પણ જોવા મળે છે કે જેમણે સંતાનોને પડતા મૂકી દીધા છે. એટલે કે વિવાદ કે ચર્ચા ટાળવા માટે વડીલો, આ સંતાનોને સાંભળીને તુરત સંમત થઇ જાય છે. આને કારણે નવી પેઢીને એક જ મુદ્દામાં અનેક ડાયમેન્શનથી વિચારશીલતા અને તાકકતા કેળવવાનો જે લાભ મળવો જોઇએ તે બાકી રહી જાય છે.

ટેકનોલોજીનો વિકાસ સર્વસ્વીકૃત છે. એ વિકસી ગયેલી ટેકનોલોજીને આ નવી પેઢી જે અકારણ મનોરંજનનો સમય આપે છે તે અસ્વીકૃત છે. આ મતભેદનો વિસ્તાર છે. તેઓ કહે છે કે આ મોબાઇલ ફોન જ અમારું કાર્યાલય, બ્રિફકેસ, મિત્રમંડળ જે કહો તે છે. વડીલો હજુ તેમની સાથે સંમત નથી, કારણ કે તેઓ જુએ છે કે પીરસાયેલી ગરમાગરમ ગુજરાતી માધુર્યથી મહેંકતી અને માતૃહસ્તેન ભોજનમ્ પ્રમાણે તૈયાર થયેલી સોનેરી ટુકડા કે દાઉદખાની ઘઉંની રોટલી સાવ ઠરીને ઠીકરું ન થઇ જાય ત્યાં સુધી સંતાનો થાળી પર બેસતાં નથી. તેમના હાથમાં જ એક એવું ચુંબક છે જેની સાથે મોબાઇલ ફોન હવે સર્વકાળે એટેચ છે. આ એટેચમેન્ટને કારણે પરિવારના કુદરતદત્ત અનેક સુખ ડિટેચ ને ક્રોસ થઇ રહ્યા છે. મિસ્ટર મોદીએ સ્ટાર્ટઅપ ઇન્ડિયાની નવી પરિભાષા તરતી મૂકી એને કારણે કેટલાંક સંતાનો તેમના વાલીઓને કહી રહ્યા છે કે આપણી પાસે મૂળભૂત કેપિટલ જ નથી તો હું આંત્રપ્રિન્યોર શી રીતે બનું? વાલીઓની કેપિટલ જ આ સંતાનો છે. તેમણે સંતાનો માટે બધું જ સમર્પિત કરેલું હોય છે.

# રાજકોટ અગ્નિકાંડમાં હવે મોટા અધિકારીઓનો વારોઃ CM એકશનમાં

## 'મૃદુ અને સરળ' ની છાપ ધરાવતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ 'અસલી આકરૂ રૂપ' દેખાડશે



ગાંધીનગર,તા.૧૭

મૃદુ અને સરળ મુખ્યમંત્રીની છાપ ધરાવતા ભૂપેન્દ્ર પટેલ રાજકોટના અગ્નિકાંડ મામલે અત્યંત આકરા પગલા લેવાના મૂડમાં છે. રાજકોટના કોર્પોરેશનમાં પોલીસ વિભાગના અધિકારીઓની ધરપકડ બાદ વધુ કેટલાંક માથા ઝપટે ચડી શકે છે. તપાસનીશ એજન્સીઓ જુદા-જુદા અધિકારીઓની ભૂમિકા તથા તેમની બેદરકારીની તપાસ કરી જ રહી છે ત્યારે રિપોર્ટ બાદ વધુ કેટલાકનો 'વારો' ચડી શકે છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તાજેતરની બેઠકમાં ભ્રષ્ટાચાર સામે તૂટી પડવાના આદેશ કર્યા હતા. મૃદુ અને સરળ મુખ્યમંત્રી તરીકેની ઈમેજ કડક તથા તાતાકવાર નેતા તરીકે ઉપસવા લાગી છે. ભ્રષ્ટાચાર કે નાગરિકોને કોઈપણ જાતની હેરાનગતિ સહન નહીં કરવાની ચિમકી પ્રધાનો તથા ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં આપી હતી.

રાજ્ય સરકારના જ માહિતગાર સૂત્રોએ કહ્યું કે ફિલ્ડ લેવલે ભ્રષ્ટાચારી અધિકારીઓને નિશાન બનાવવામાં આવ્યા બાદ હવે સચિવાલય-સચિવ સ્તરે થતા ભ્રષ્ટાચાર પર તોપ તકાઈ શકે છે. આજે તેમાં કેટલાંક માથા પર ત્રાજ વરસી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગત સપ્તાહમાં મુખ્યમંત્રીએ બેઠક રાખી હતી. રાજકોટના અગ્નિકાંડમાં જવાબદાર કોઈ અધિકારી કે અન્ય કોઈને પણ નહીં છોડવાનું સ્પષ્ટ કર્યુ હતું.

# ધો.૧૦ની પૂરક પરીક્ષાની હોલટીકીટ બોર્ડની વેબસાઈટ પર મૂકાઈ

■ **શાળાનો નોંધાયેલ મોબાઈલ નંબર–ઈ–મેઈલ આઈ.ડી.દ્વારા લોગીન કરી ડાઉનલોડ કરી શકાશે**

રાજકોટ,તા.૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૪ની ધો.૧૦ની પરીક્ષામાં એક, બે, અથવા ત્રણ વિષયમાં ગેરહાજર રહેનારા અને નાપાસ થયેલા ઉમેદવારો તેમજ સ્ટાન્ડર્ડ ગણિત(૧૨) વિષયના પુથક ઉમેદવારોની પૂરક પરીક્ષા તા.૨૪/૬થી શરૂ થનાર છે. પરીક્ષાર્થીઓના પ્રવેશપત્ર (હોલટિકિટ) તા.૧૫થી બોર્ડની વેબસાઈટ ssc.gsebht.in, અથવા gsebht.in, અથવા gseb.org પરથી શાળા દ્વારા શાળાનો ઈન્ડેક્ષ નંબર તથા શાળાનો નોંધાયેલ મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલ આઈ.ડી.દ્વારા લોગીન કરી ડાઉનલોડ કરી શકાશે.

પ્રવેશપત્ર (હોલટિકિટ)ની પ્રિન્ટ કાઢીને પરીક્ષાર્થીના પૂરક-૨૦૨૪ પરીક્ષાના આવેદન મુજબ વિષય/ વિષયો અને માધ્યમની ખરાઈ કરીને પ્રવેશપત્ર (હોલટિકિટ)માં નિયત કરેલ જગ્યાએ પરીક્ષાર્થીનો ફોટો ચોટાંડી, પરીક્ષાર્થીની સહી, પરીક્ષાર્થીના વર્ગ શિક્ષકની સહી તેમજ નિયત જગ્યાએ આચાર્યનો સહી-સિક્કો (અડધી સહી અને સિક્કો ફોટા પરણ આવે તે રીતે) કરીને પરીક્ષાર્થીઓને આપવાની રહેશે.

પ્રવેશપત્ર (હોલટિકિટ) સાથે પરીક્ષા માટેની ધોરણ-૧૦ની સૂચના (નં.૧ થી ૧૩) પ્રવેશપત્ર (હોલટિકિટ)ના પાછળના ભાગે પ્રિન્ટ કરી પરીક્ષાર્થી અને આચાર્યની સહી સાથે ફરજિયાત આપવાની રહેશે. પ્રવેશપત્ર (હોલટિકિટ) સાથે ઓનલાઈન મૂકવામાં આવેલ વિતરણ યાદીમાં પ્રવેશપત્ર (હોલટિકિટ)તથા સૂચના પ્રત આપ્યા બદલની પરીક્ષાર્થીની સહી લેવાની રહેશે.

જેની તમામ સંબંધિતોને નોંધ લેવા અને સમયમર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવા જણાવાયું છે.પરીક્ષાર્થીઓના આવેદન તથા પરીક્ષાર્થીના પ્રવેશપત્ર (હોલટીકીટ)માં દર્શાવેલ વિષય/વિષયો બાબતે કોઈ વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર કચેરી ખાતેની માધ્યમિક શાખાનો જરૂરી આધારો સાથે દિન-૩માં સંપર્ક કરવાનો રહેશે.

# પુરવઠાનું સર્વર વધુ એકવાર 'ડાઉન': રાજ્યભરમાં દેકારો

## ચાર દિવસથી વિતરણ વ્યવસ્થા ખોરવાઈ જતા વેપારીઓની સાથોસાથ લાખો લાભાર્થીઓમાં પણ ભારે હોબાળો

રાજકોટ,તા.૧૭

વારંવાર 'ડાઉન' થવા માટે કુખ્યાત બની ગયેલુ પુરવઠા વિભાગનું સર્વર ફરી એકવાર છેલ્લા ચાર દિવસથી ઠપ્પ થઈ ગયુ હોય રાજ્યભરમાં વિતરણ વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. અને વેપારીઓ તથા લાખો લાભાર્થીઓમાં ભારે દેકારો સર્જાયો છે. આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ છેલ્લા ચાર દિવસથી રાજકોટ સહિત રાજ્યભરમાં પૂરવઠાનું સર્વર ઠપ્પ થઈ જતા ફરી એકવાર વેપારીઓને,લાભાર્થીઓ સાથે સંઘર્ષમાં ઉતરવાનો સમય આવ્યો છે.વેપારી વર્તુળોનાં જણાવ્યા મુજબ ડાઉન થવા માટે તહેવારોની રાહ જોતું સર્વર ફરીથી છેલ્લા ચાર દિવસથી ધાંધિયા કરી રહ્યું છે. કાળઝાળ ઉકળાટ વચ્ચે લોકો રોજે વાજબી ભાવની દુકાનના ધક્કા ખાય રહ્યા છે.ગરીબ પરીવારને સરકાર



અનાજ વિતરણ કરવા આધુનિક ઓનલાઈન બીલીંગ સિસ્ટમ દ્વારા લાભાર્થીની આધાર આધારિત ઓળખ પ્રસ્થાપીત કરીને અનાજ પહોંચાડી રહી છે ત્યારે આ સિસ્ટમમા રહેલી ખામીને કારણે વારંવાર ગરીબ લાભાર્થીઓ તથા વાજબી ભાવના દુકાનદારો ખૂબ જ યાતનાઓ ભોગવી રહ્યા છે

મહિનામાં જેવો વિતરણનો માહોલ શરૂ થાય સર્વર તુરંત જ પોતાનુ નૃત્ય શરૂ કરી દે છે પરીણામે લોકો મજુરી મુકીને રોજે રોજ અનાજની લાઈનમા ઊભા રહેવા મજબુર બને છેકરોડો રૂપિયાના આંધણ પછી પણ સરકારની આ ઓનલાઈન સિસ્ટમ ક્યારેય સરખી ચાલતી નથી , વર્ષ ૨૦૧૧ બાદ બિલિંગ સિસ્ટમનુ કોમ્પ્યુટરીકરણ થયા પછી ખાસ કરીને સપ્લાયના પ્રોગ્રામને આધાર ના સરવર સાથે જોડવામાં આવ્યા પછી સર્વર ડાઉન ની સમસ્યા વારંવાર ઉત્પન્ન થાય છે તેના કારણે ગરીબ પેટીયુ રડતા મજૂરો પિસાતા રહ્યા છે.વારંવાર રજૂઆતો છતાં પણ આ સમસ્યાનો કાયમી ઉકેલ આવતો નથી આ બાબતને ખૂબ જ ગંભીરતાથી લઈ સરકારે ભવિષ્યમાં આવી સમસ્યા પેદા ન થાય એ માટે કડક પગલાં લેવા જોઈએ જેથી ગરીબ લોકો તથા વેપારી ભાઈઓ રાહતનો દમ લઈ શકે.

# આજથી સ્કુલવાન સંચાલકોની રાજ્યવ્યાપી હડતાલ; રાજકોટ એસોસિએશન પણ જોડાશે

## ટેકસી પાસીંગમાં ત્રણ માસની મુદ્દત આપવા સાથે ત્રણ માંગણીઓ સ્વીકારવાની એસો.ની બુલંદ માંગઃ સ્કુલ વાનની હડતાલને પગલે કાલથી વાલીઓની પરેશાનીમાં વધારોઃ રાજકોટમાં 3000 સ્કુલ વાનના પૈડા અચોકકસ મુદ્દત સુધી થંભી જશેઃ લક્ષ લેવા સ્કુલ વાન વર્ધી એસો. મકકમ

રાજકોટ,તા.૧૦

રાજકોટમાં ગેમ ઝોનના અગ્નિકાંડ બાદ સરકારે ગેસથી દોડતા સ્કુલ વાન (ઈકો વાન) સામે ટેકસી/મેકસી પાસિંગ ફરજીયાત કરવાના અમલ સામે વાન ચાલકોએ ત્રણ માસનો સમય આપવાની માંગણી કરતા તેનો સરકારે સ્વીકાર નહીં કરતા કાલ રાજયવ્યાપી ખાનગી સ્કુલ વાન સંચાલકોની અચૌકકસની મુદતનો પ્રારંભ થનાર છે.

વેકેશન ખુલતા જ સ્કુલવાન ઈકો વાન સહિતના વાહનોને ટેકસી/મેકસી પાસિંગ કરાવવા આરટીઓ કચેરીએ જતા છેલ્લા ચાર દિવસથી આરટીઓનું સર્વર બંધ થતા કોઈ પ્રક્રિયા થતી નથી બીજી તરફ પોલીસ અને આરટીઓ તંત્ર સ્કુલ વાન ચાલકો રીતસરની તવાઈ ઉતારતા ગુજરાત રાજય સ્કુલ વાન એસો.એ કાલથી અચૌકકસ મુદતની હડતાલનું એલાન જાહેર કરતા આવતીકાલથી રાજકોટ સહિત તમામ જીલ્લાઓમાં સ્કુલ વાનના પૈડાઓ થંભી જશે.



રાજકોટ સ્કુલવાન એસો.ના પ્રમુખ બહાદુરસિંહ ગોહિલના જણાવાયા પ્રમાણે રાજકોટ શહેરના સ્કૂલવાન ચાલકો ટેકસી/મેકસી પાસીંગ કરાવવા તૈયાર છે પણ આરટીઓ કચેરીએ ૪ દિવસ સર્વર ઠપ્પ છે કોઈ જવાબ દેતુ નથી. મુખ્ય આરટીઓ અધિકારી પણ રજા મુકી જતા રહેતા અમારી વાનમાં પાટીયા મુકવા માટેની છુટ અને ત્રણ માસની મુદત આપવાની રજૂઆત કોઈ સાંભળતું નથી અમોએ આ બાબતે જીલ્લા કલેકટરને રૂબરૂ મળી અમારી વ્યથા ઠાલવી છે.

તેમ છતાં હાલ પોલીસ સ્કૂલવાનને થંભાવી દંડ ફટકારે છે બીજી તરફ પોલીસ પણ દારૂ ભરેલી ગાડી પાછળ જીપ દોડાવે તેમ શહેરમાં ઠેર ઠેર સ્થળે સ્કુલવાનની પાછળ પોલીસ ગાડી દોડાવી વાન થંભાવી કારણ વિના મેમો પકડાવતા સ્કુલ વાન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. સરકાર પાસીંગની મુદતમાં ત્રણ માસનો સમય આપા, પાટીયા મુકવાની છુટ આપેએવી માંગ કરી હતી.રાજકોટમાં ગેમ ઝોનના અગ્નિકાંડ બાદ સરકારે ગેસથી દોડતા સ્કુલ વાન (ઈકો વાન) સામે ટેકસી/મેકસી પાસિંગ ફરજીયાત કરવાના અમલ સામે વાન ચાલકોએ ત્રણ માસનો સમય આપવાની માંગણી કરતા તેનો સરકારે સ્વીકાર નહીં કરતા કાલ રાજયવ્યાપી ખાનગી સ્કુલ વાન સંચાલકોની અચૌકકસની મુદતનો પ્રારંભ થનાર છે.

વેકેશન ખુલતા જ સ્કુલવાન ઈકો વાન સહિતના વાહનોને ટેકસી/મેકસી પાસિંગ કરાવવા આરટીઓ કચેરીએ જતા છેલ્લા ચાર દિવસથી આરટીઓનું સર્વર બંધ થતા કોઈ પ્રક્રિયા થતી નથી બીજી તરફ પોલીસ અને આરટીઓ તંત્ર સ્કુલ વાન ચાલકો રીતસરની તવાઈ ઉતારતા ગુજરાત રાજય સ્કુલ વાન એસો.એ કાલથી અચૌકકસ મુદતની હડતાલનું એલાન જાહેર કરતા રાજકોટ સહિત તમામ જીલ્લાઓમાં સ્કુલ વાનના પૈડાઓ થંભી જશે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.18/6/2024 TUESDAY

# ત્રણ મહિના બાદ સ્ટે.કમીટીની મીટીંગમાં કામકાજ થશે : કુલ ૬૮ દરખાસ્તો પર મંજુરી લેવાશે

## રામવન સામે નવું મીની વન બનાવાશે : ૮૦ હજાર પ્લાન્ટસની નિભાવણી માટે રૂા.૮૨ લાખનો નવો કોન્ટ્રાકટ આપવા દરખાસ્ત

### નવા બનનારા સફારી પાર્કની વિશાળ જગ્યા ફરતે કમ્પાઉન્ડ વોલ અને ફેન્સીંગ દિવાલ બનાવવા કાર્યવાહી




રાજકોટ, તા. ૧૭

શહેરના વોર્ડ નં. ૧૫માં આજી ડેમ પાસેના રામવન ગેટ સામે સરકારમાંથી મળેલી જગ્યામાં બ્લોક પ્લાન્ટેશન કરાવવા કાલની સ્ટે.કમીટીની મીટીંગમાં દરખાસ્ત મુકવામાં આવી છે. રામવન સામે આ રીતે મીયાવાંકી જેવું મીની ફોરેસ્ટ ઉભુ કરવામાં આવશે.

આ ઉપરાંત અર્બન ફોરેસ્ટ રામવનની નિભાવણી તથા શાખાની અન્ય કામગીરી માટે મજુર સપ્લાયનો બે વર્ષનો કોન્ટ્રાકટ પણ કરવામાં આવશે. શહેરના નાગરિકોને પ્રદુષણથી દુર રમણીય અર્બન ફોરેસ્ટ આજી ડેમ ડાઉન સ્ટ્રીમમાં ૪૭ એકરમાં મળ્યું છે. જેમાં ૮૧થી વધુ વિવિધ પ્રજાતિના કુલ ૮૦ હજારથી વધુ પ્લાન્ટસ, પામ, એવન્યુ ટ્રી વગેરેનું વાવેતર કરવામાં આવ્યું છે. જેની બે વર્ષની જાળવણીનો નવો કોન્ટ્રાકટ આપવા ૮૨.૨૫ લાખનું ટેન્ડર કરવામાં આવ્યું હતું. રી-ટેન્ડરમાં પી.એમ. એન્ટરપ્રાઈઝે ભાવોભાવ કામ કરવા તૈયારી દર્શાવી છે. આ એજન્સીને કામ આપવા સ્થાયી સમિતિમાં દરખાસ્ત આવી છે.

લાખના બંગલા રોડવોર્ડ નં.૧માં લાખના બંગલાવાળા રોડ પર સત્યનારાયણનગર મેઈન રોડથી શીતલ પાર્ક મેઈન રોડ સુધી ડ્રેનેજ લાઈન અપગ્રેડેશન માટે ૫૫.૪૦ લાખના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. જેમાં ચકુભાઈ હિરાભાઈ પરમારે પાંચ ટકા ઓનથી કામ કરવા સૌથી નીચી ઓફર આવતા જીએસટી સહિત ૬૮.૬૪ લાખના ખર્ચે આ કામ કરાવવામાં આવશે. પ્રદ્યુમન પાર્ક ઝુ ખાતે લાયન સફારી પાર્ક માટે કમ્પાઉન્ડ વોલ તેમજ ચેઈન લીંક ફેન્સીંગ દિવાલ બનાવવાના કામની દરખાસ્ત પણ આવી છે. બેઠકમાં ગત વખતની પેન્ડીંગ કર્મચારીઓને મેડીકલ સહાયની દરખાસ્ત પણ જોડવામાં આવી છે.

# શિક્ષણ સમિતિની ૨૬ શાળા-કચેરીમાં ફાયર સિસ્ટમ બેસાડાશે

## સલામતી માટે હવે ખુદ કચેરી દોડી : વિનોદભાઈ શેઠ હોલનું ૫.૫૬ કરોડના ખર્ચે નવનિર્માણ થશે

રાજકોટ, તા. ૧૭

લોકસભાની સૌથી લાંબી ચૂંટણી આચારસંહિતા પૂરી થયા બાદ ત્રણ મહિને આવતીકાલે સ્ટે.કમીટીની મીટીંગમાં નિર્ણયો લઈ શકાશે. ચેરમેન જયમીન ઠાકરે આવતીકાલ તા. ૧૮ના રોજ મંગળવારે સવારે સ્થાયી સમિતિની મીટીંગ બોલાવી છે. જેમાં અગાઉથી પેન્ડીંગ રહેલી સહિતની કુલ ૬૮ દરખાસ્તો પર નિર્ણયો કરવામાં આવશે.

ટીઆરપી અગ્નિકાંડની ઘટના બાદ પૂરા શહેરમાં ફાયર સેફટી માટે કડક પગલા લેવાઈ રહ્યા છે ત્યારે મનપાની શિક્ષણ સમિતિ હસ્તકની ૨૬ શાળાઓ અને સમિતિના મુખ્ય બિલ્ડીંગ મળી કુલ ૨૭ મકાનો માટે ફાયર સેફટી સિસ્ટમ બેસાડવા અને એનઓસી રીન્યુ કરવા માટે ૫૪ લાખનો ખર્ચ કરવાનો પ્રસ્તાવ આવ્યો છે.

સરકારની સૂચનાથી મનપાએ પુરા શહેરમાં ફાયર સેફટી ડ્રાઈવ ચલાવી શાળા, હોસ્પિટલ, વાડીઓ સહિતની ઈમારતો મોટી સંખ્યામાં સીલ કરી છે. તે બાદ મુદ્દત આપીને સાધનો મુકવા અને એનઓસી રીન્યુ કરાવવા મુદ્દત આપેલી છે. પરંતુ સાધનો બેસાડવા, રીન્યુ પ્રક્રિયા કેટલી મુશ્કેલ અને લાંબી છે તેનો અંદાજ એ વાત પરથી પણ આવે છે કે ખુદ મહાપાલિકા આટલા દિવસો બાદ સમિતિની શાળાઓમાં સાધનો મુકવા કાર્યવાહી કરી રહી છે. સરકારની ગાઈડલાઈન પરથી પ્રાથમિક શાળાઓ કે જેનું ક્ષેત્રફળ ૫૦૦ ચો.મી. કે તેથી વધુ હોય તેવી સ્કુલમાં ફાયર સેફટીની સુવિધા તાત્કાલીક ધોરણે ફીટ કરવા કમિશ્નરે કાર્યવાહી કરાવી છે. કમિશ્નર ડી.પી.દેસાઈએ મોકલેલી દરખાસત મુજબ શિક્ષણ સમિતિની ૨૬ શાળાઓ અને સમિતિની કચેરી મળી ૨૭ બિલ્ડીંગનો સર્વે કરાતા આ ૫૦૦ ચો.મી.થી વધુ ક્ષેત્રફળવાળા બિલ્ડીંગમાં ફાયર સિસ્ટમ ઈન્સ્ટોલ કરવા માટે ૪૫.૦૯ લાખના ખર્ચનો અંદાજ નીકળ્યો છે.ઉપરાંત ૨૦૨૧-૨૨માં ૯ મીટરથી ઉંચાઈવાળી ૧૦ સ્કુલમાં ફાયર સેફટીના એનઓસી લેવાયા બાદ રીન્યુ ન થયાનું ખુલ્યુ છે. અમુક સાધનો બંધ હાલતમાં હોય ત્યાં પણ ૯ લાખ મળી કુલ ૫૪.૦૯ લાખનો ખર્ચ થવા શાસનાધિકારીએ પત્ર લખ્યો હતો. આ સિસ્ટમ બેસાડવા શાળા બોર્ડને ૧૦૦ ટકા નોનગ્રાન્ટેબલ ખર્ચ પેટે આ રકમ ચુકવવા સ્ટે.કમીટી પાસે મંજૂરી માંગવામાં આવી છે. શહેરના વોર્ડ નં.૧૭માં કોઠારીયા મેઈન રોડ પર વિનોદભાઈ શેઠ કોમ્યુનિટી હોલ આવેલો છે. આ હોલનું નવીનીકરણ કરવા ૪.૭૧ કરોડનું ટેન્ડર બહાર પડાયું હતું. ૫૪૨ ચો.મી. એરીયામાં ગ્રાઉન્ડ+૩ ફલોરનું ફ્રેમ સ્ટ્રકચર બિલ્ડીંગ બનાવવા આશીષ કન્સ. કંપનીએ ભાવોભાવ કામ કરવા તૈયારી દર્શાવી છે. ૪.૭૧ કરોડના ખર્ચ અને ૮૪.૮૧ લાખ જીએસટી સહિત ૫.૫૬ કરોડના ખર્ચે આ કામ એજન્સીને આપવા કમિશ્નરે દરખાસ્ત મોકલી છે. વોર્ડ નં.૨માં અલ્કાપુરી સોસાયટી ૧, ૨, ૩, ૯ તથા ૧૨માં સાઈડ પડખામાં પેવીંગ બ્લોક કરવાનું ૩૩.૯૦ લાખનું કામ ડિમ્પલ જે. પાનસુરીયા એજન્સી ૨૪.૯૬ ટકા ઓછા ભાવે કરી આપશે. આ કામ મનપાને ૨૫.૪૩ લાખમાં કરી આપવા દરખાસ્ત આવી છે જેનો જીએસટી સહિતનો ખર્ચ ૩૦ લાખ થશે. કાલની કમીટીના એજન્ડા પર કુલ ૬૮ દરખાસ્ત રહેલી છે. જુદા જુદા વિસ્તારમાં રસ્તાના કામ, મોટા મવાના સ્મશાનમાં ગેસ આધારીત સિસ્ટમ, વેસ્ટ ઝોનમાં બલ્ક ફલો મીટર, વોર્ડ નં.૧૮માં ડામર, ડ્રેનેજ, રીકાર્પેટ સહિતના કામો, જેટકો ચોકડીએ ભૂગર્ભ ગટર (વોર્ડ નં.૧૧), વોર્ડ નં. ૧૮માં ડીઆઈ પાઈપલાઈન, મલ્ટીલેવલ પાર્કીંગ માટે સલાહકાર મુકવા, વોર્ડ નં.૧ ઘંટેશ્વર પાસે ડ્રેનેજ લાઈન, ડ્રેનેજ શાખા માટે મશીનરી ખરીદવા સહિતની દરખાસ્તો સામેલ છે.

# શાકભાજીના ભાવમાં સદીઃ મોટાભાગના શાક રૂા.૧૦૦ના કિલો

## લોકલ આવક બંધ થતા અન્ય રાજયોમાંથી માલ ઠલવાયોઃ વરસાદ બાદ ભાવ ઘટવાની શકયતાઃ ૨૦ ટકા માલનો બગાડ

રાજકોટ,તા.૧૮

આ વર્ષે ઉનાળામાં ખુબ આકરો તાપ પડયો છે. લોકો ગરમીથી ત્રાહીમામ પોકારી ઉઠયા છે ત્યારે તાપની અસર લીલોતરી શાકભાજી પર પડી છે. છેલ્લા ૧૫ દિવસથી શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે. બીજી બાજુ લોકલ આવક બંધ થતા માલની અછત પણ સર્જાણી છે. વાતાવરણ ગરમ હોવાથી લોકલ પાકને અસર પડી છે. પાક બળી જવાનું પ્રમાણ વધુ રહેશે.

છેલ્લા કેટલાક સમયથી ભાવમાં મોટો ઉછાળો નોંધાયો છે. હાલ ટમેટા મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશ, ગુવાર મહારાષ્ટ્ર અને રીંગણા, ભીંડો, ચોરા, ગલકાની આવક ગુજરાતના અન્ય શહેરોમાંથી થઈ રહી છે. ૧૦ દિવસથી યાર્ડમાં આવક ઘટી છે. બહારથી શાકભાજી આવતું હોવાથી માલ બગડવાની શકયતા વધી જાય છે. યુપી, મહારાષ્ટ્રમાંથી આવતા ટમેટાનો ૨૦ ટકા માલ બગડી જાય છે.



માલ ખરાબ આવવાથી ભાવમાં વધારો થઈ રહ્યો છે. આ વર્ષે લીંબુના ભાવ સ્થિર રહ્યા હતા. ગત વર્ષે ૨૦૦થી ૩૦૦ના કિલોએ પહોંચેલ ભાવ આ વર્ષે ભાવ સ્થિર રહેવાથી ગૃહિણીઓને રાહત મળી હતી. પરંતુ અન્ય શાકભાજીના ભાવ સતત વધતા હાલાકી પડી રહી છે. લીંબુ અમદાવાદ, મદ્રાસથી આવી રહ્યા છે.માર્કેટ યાર્ડના વેપારીઓનું કહેવું છે કે, જયાં સુધી વરસાદ નહી પડે ત્યાં સુધી ભાવ વધેલા રહેશે. આગામી ૨૫ જુન બાદ વરસાદની આગાહી છે. વરસાદ પડયા બાદ ખેડૂતો વાવણી શરૂ કરશે. તેના એક મહિના બાદ નવો પાક મળે છે. આથી અંદાજે એક મહિના બાદ શાકભાજીના ભાવ સ્થિર થવાની શકયતા છે. તાપમાનની સૌથી વધુ અસર લીલોતરી પર પડી છે. જેમાં કોથમરી, પાલક, મેથી મળવા મુશ્કેલ બન્યા છે.શાકભાજીમાં લોકલ તમામ શાકભાજી રૂા.૧૦૦ના કિલો વહેંચાય રહ્યા છે. ત્યારે યાર્ડમાં પણ ભાવ ઉચ્ચા સ્તરે છે. લીંબુ રૂા.૪૦-૮૫, ટમેટા રૂા.૧૦-૨૫, કોથમરી રૂા.૩૫-૫૦, રીંગણા રૂા.૩૦-૪૦, કોબીચ, રૂા.૫-૧૫, ફલાવર રૂા.૧૦-૩૦ ભીંડો રૂા.૨૦-૫૫, ગુવાર રૂા.૭૫-૧૦૦, ચોળા સીંગ રૂા.૭૦-૯૫, કારેલા રૂા.૩૫-૫૦, મેથી રૂા.૬૦-૮૦, આદુ રૂા.૧૨૦-૧૩૦, મરચા રૂા.૩૦-૫૦ના કિલો વહેંચાયા હતા. હાલ ૯૦ ટકા કોથમરી, મેથી, પાલકનો માલ મધ્યપ્રદેશથી આવી રહ્યો છે. હજુ ૧ મહિનો ભાવ ઘટવાની રાહ જોવી પડશે.

# કલેકટર કચેરીમાં યોજાશે લેન્ડગ્રેબીંગની બેઠકઃ ૭૦ કેસ

- **સરકારી જમીનો પર પેશકદમી અને પારકી મિલ્કતો પચાવી પાડનારાઓ સામે કસાશે કાયદાનો શિકંજો**

રાજકોટ તા.૧૭

રાજકોટ જીલ્લા કલેકટર કચેરી ખાતે આવતીકાલે તા.૧૮ને મંગળવારે લેન્ડગ્રેબીંગની બેઠક કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને આયોજીત કરવામાં આવી છે. જેમાં ૭૦ કેસો સુનાવણી માટે મુકવામાં આવેલ છે.

રાજકોટ શહેર જીલ્લામાં સરકારી જમીનો પર પેશકદમી તેમજ પારકી મિલ્કતો પચાવી પાડનારાઓ સામે કાયદાનો શિકંજો કસવા માટે રાજય સરકાર દ્વારા લેન્ડગ્રેબીંગનો કાયદો અમલમાં મુકવામાં આવેલ છે. આ માટે રાજકોટ સહિત રાજયભરની તમામ જીલ્લા કલેકટર કચેરીઓમાં ખાસ અલગથી લેન્ડગ્રેબીંગ સેલ કાર્યરત કરવામાં આવેલ છે. જેમાં અરજદારો રૂબરૂ તેમજ ઓનલાઈન અરજીઓ ન્યાય મેળવવા માટે કરી શકે



છે. રાજકોટ જીલ્લા કલેકટર કચેરી ખાતે આવતીકાલે યોજાનાર લેન્ડગ્રેબીંગની આ બેઠકમાં ૭૦ જેટલા કેસોની સુનાવણી માટે મુકવામાં આવનાર છે. જેમાં અગાઉ હાઈકોર્ટમાં ગયેલા અરજદારોના કેસો પણ આવરી લેવામાં આવેલ છે.

લેન્ડગ્રેબીંગની બેઠકમાં મોટાભાગના કેસોમાં જ સમાધાન થઈ જાય છે. જયારે આવતીકાલની આ બેઠકમાં ૭૦ કેસોમાં હીયરીંગ થશે. આ બેઠકમાં શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ ઝા, તેમજ પ્રાંત અધિકારીઓ, સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

# કલેકટર કચેરીના જનસેવા કેન્દ્ર-એટીવીટી સેન્ટરો કાલથી ફરી રાબેતા મુજબ જુના સમયે ધમધમશે

## તાપમાનમાં થયેલ ઘટાડાના પગલે કલેકટર તંત્ર દ્વારા નિર્ણય




રાજકોટ,તા.૧૭

રાજકોટ જીલ્લા કલેકટર કચેરીના જન સેવા કેન્દ્ર તેમજ જીલ્લાની તમામ તાલુકા મામલતદાર કચેરીઓના એટીવીટી સેન્ટરો આવતીકાલ તા.૧૮થી તેના જુના સમય મુજબ જ સવારે ૧૧થી સાંજના ૬ સુધી ધમધમશે.

અહીં એ ઉલ્લેખનીય છે કે અસહ્ય ગરમી અને તાપના પગલે રાજકોટ જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા જનસેવા કેન્દ્ર અને તાલુકા મામલતદાર કચેરીઓના એટીવીટી સેન્ટરોના સમયમાં ફેરફાર કરી સવારના ૯થી ૧૨ અને બપોરના ૩થી ૬ કલાકનો રાખવામાં આવેલ હતો.

પરંતુ હવે ગરમી અને આકરા તાપમાં ઘટાડો થતા જનસેવા કેન્દ્ર અને એટીવીટી સેન્ટરનો સમય આવતીકાલ તા.૧૮થી ફરી ૧૧થી ૬ વાગ્યા સુધીનો રાખવામાં કલેકટર તંત્ર દ્વારા નિર્ણય લેવામાં આવેલ છે. જેના પગલે જનસેવા કેન્દ્રો અને જીલ્લાના તમામ એટીવીટી સેન્ટરો કાલથી તેના જુના સમય મુજબ જ ધમધમવા લાગશે.

જનસેવા કેન્દ્રો અને એટીવીટી સેન્ટરોમાં આવકના દાખલા, રેશનકાર્ડ વિભાજન, રેશનકાર્ડમાં નવા નામ ઉમેરવા, ૭/૧૨, ૮અનાં દાખલા સહિતની કામગીરી માટે લોકો આવી રહ્યા છે ત્યારે હવે તાપમાનના છેલ્લા ઘટાડાના પગલે જનસેવા કેન્દ્ર અને એટીવીટી સેન્ટરો કાલથી જુના સમય મુજબ જ ધમધમશે.રાજકોટ જીલ્લા કલેકટર કચેરીના જન સેવા કેન્દ્ર તેમજ જીલ્લાની તમામ તાલુકા મામલતદાર કચેરીઓના એટીવીટી સેન્ટરો આવતીકાલ તા.૧૮થી તેના જુના સમય મુજબ જ સવારે ૧૧થી સાંજના ૬ સુધી ધમધમશે.

# શિલ્પન ઓનેક્સના સ્વિમિંગ પૂલમાં ડૂબી જતાં ૩-૩ વર્ષની બે બાળકીના મોત

## રાજકોટના એપાર્ટમેન્ટમાં ચોકીદારી કરતા નેપાળી પરિવારની બે બાળકી રમતાં રમતાં સ્વિમિંગ પૂલમાં પડી જતાં બન્નેનાં મોત

રાજકોટ, તા. ૧૭ઃ રાજકોટ શહેરના યુનિવર્સિટી રોડ પર આવેલ શિલ્પન ઓનિક્સ એપાર્ટમેન્ટમાં રહેતા અને ત્યાં જ ચોકીદારી કરતા નેપાળી પરિવારની બે ૩-૩ વર્ષની બાળકી રમતાં રમતાં સ્વિમિંગ પૂલમાં પડી ગઈ હતી. જો કે, કોઈ બચાવે તે પહેલાં જ બન્નેનું ડૂબી જતાં મોત નીપજ્યું હતું. સોસાયટીના સ્વિમિંગ પૂલ ખાતે રાત્રિના ૯.૩૦ વાગ્યા બાદ લગભગ એકાદ કલાક સુધી બન્ને બાળકીનું પાણીમાં ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. સ્થાનિકોએ ૧૦૮ બોલાવી બન્ને બાળકીને બચાવવા કોશિશ કરી હતી. પરંતુ બન્ને બાળકીનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

યુનિવર્સિટી રોડ પર આવેલ શિલ્પન ઓનિક્સ સોસાયટીમાં ગઈકાલે રાત્રિના સ્વિમિંગ પૂલમાં બે બાળકીના ડૂબી જવાથી મોત થયા હોવાનું સામે આવ્યું હતું. બનાવની જાણ થતાં સોસાયટીના લોકો એકઠા થઈ બન્ને બાળકીને સ્વિમિંગ પૂલમાંથી બહાર કાઢી ૧૦૮ મારફત હોસ્પિટલ ખસેડી હતી. પરંતુ બંને બાળકીનાં મોત નીપજ્યા હોવાનું જાણવા મળતા પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

બનાવ અંગેની જાણ સિવિલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને કરી હતી અને પોલીસે આવી મૃતદેહને સિવિલ હોસ્પિટલ ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ તપાસમાં બન્ને બાળકીની ઉંમર ૩-૩ વર્ષ હોવાનું સામે આવ્યું હતું. જેમાં એકનું નામ પ્રકૃતિ ગોકુલ ચાંદ અને બીજી બાળકીનું નામ મેનુકા પ્રકાશ સિંઘ હોવાનું સામે આવ્યું છે. બન્ને બાળકીનાં પરિવારજનો મૂળ નેપાળનાં વતની છે અને અહીંયાં શિલ્પન ઓનિક્સ બિલ્ડિંગમાં રહી તેઓ ચોકીદારનું કામ કરે છે.







**પગ લપસતા બન્ને ડૂબી ગયાની શક્યતા**

સોસાયટીના રહેવાસી હર્ષલ સેવકે જણાવ્યું હતું કે, હું આ સોસાયટીમાં રહું છું. ગઈકાલે રવિવાર હોવાથી સોસાયટીના કલબ હાઉસમાં થિયેટરમાં પિક્ચર જોવા બધા ૯.૩૦ વાગ્યે ગયા હતા. આ પછી એકાદ કલાક બાદ સોસાયટીના અન્ય કોઈ સ્વિમિંગ પૂલ પાસેથી પસાર થતા એક બાળકીને પાણીમાં જોઈ હતી અને થોડીવારમાં અન્ય એક બાળકી પણ જોવા મળી હતી. તુરંત ૧૦૮ને પણ જાણ કરવામાં આવી હતી, પરંતુ બન્ને બાળકી મૃત હાલતમાં જ હોવાનું જાણવા મળ્યું હતું. સ્વિમિંગ પૂલ કવર્ડ કરેલ છે, આમ છતાં બન્ને બાળકી અંદર પહોંચી ગઈ હતી અને બન્નેના પગ લપસી જતા અંદર પડી જવાથી ડૂબી જતા મોત નીપજ્યાનું લાગી રહ્યું છે. આ એક ઘટના નથી પરંતુ ગત માર્ચ મહિનામાં પણ આ જ પ્રકારે દુર્ઘટના રાજકોટમાં થઈ હતી. આજે ફરી રાજકોટમાં બનેલી આ દુર્ઘટનામાં બે બાળકીનાં મોત નીપજ્યા છે ત્યારે માતા-પિતાએ પણ શીખ લેવા જેવી છે અને જે સોસાયટીમાં સ્વિમિંગ પૂલ હોય ત્યાં બાળકો એકલાં અંદર ન જઈ શકે તે પ્રકારની વ્યવસ્થા કરવી જરૂરી છે.

**માર્ચ મહિનામાં આવો જ બનાવ બન્યો હતો**

ઉલેખનીય છે કે, ગત માર્ચ ૨૦૨૪માં પણ રાજકોટના ઘંટેશ્વર પાસે વર્ધમાનનગર શેરી નં.૩માં આવેલ ઓરમ એપાર્ટમેન્ટમાં અમૃત લોકેશભાઈ વિશ્વકર્મા (ઉં.વ.૪) નામનો બાળક રમતાં રમતાં સ્વિમિંગ પૂલમાં પડી ગયો હતો અને ડૂબી જતાં તેનું મોત નીપજ્યું હતું. જે ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા હતા.

# રાજુલા વનવિભાગે પીપાવાવ રેલ્વે ટ્રેકના વિવિધ સ્થળો પરથી વન્યપ્રાણીઓને સુરક્ષિત રીતે ખસેડી જીવ બચાવ્યો

રાજુલા, તા. ૧૮ઃ રાજુલાના પીપાવાવ રેલ્વે ટ્રેકના વિવિધ સ્થળો પર રેલ્વે ટ્રેક ઉપરથી સિંહ તથા અન્ય વન્યપ્રાણીઓ રેલ્વે અકસ્માતથી બચાવવા માટે વનવિભાગ દ્વારા અલગ અલગ ટ્રેનો ઉભી રખાવી વન્યપ્રાણીઓને ટ્રેક થી દુર કરી આબાદ બચાવ કરવામા આવ્યો હતો. છેલ્લા ત્રણ દિવસમાં રાજુલા વન્ય જીવ રેન્જના વિવિધ રેલ્વે ટ્રેક પરથી સિંહો તથા અન્ય વન્યપ્રાણીઓને વનવિભાગ દ્વારા સુરક્ષિત રીતે ખસેડવામા સફળતા મળી છે. રાજુલા રેન્જ ફોરેસ્ટ ઓફિસર વાય.એમ.રાઠોડ સહિત વનવિભાગ ટીમ દ્વારા તમામ વન્યપ્રાણીઓનો જીવ બચાવી સરાહનીય કામગીરી




કરવામા આવી છે. આમ રાજુલા રેન્જના અન્ય રેલ્વે ટ્રેક વિસ્તારોમાં શેત્રુંજી ડિવિઝન ડી.સી.એફ જયંન પટેલના માર્ગદર્શન મુજબ રાજુલા રેન્જ ફોરેસ્ટ ઓફિસર વાય.એમ.રાઠોડ, વનપાલ આઇ.વી.ગોહિલ સુચિત રેસ્ક્યુ ટીમ-૧, એચ.જે.સરવૈયા વનપાલ બાબરીયાધાર, એચ.આર.બારૈયા વનરક્ષક મોટીખેરાળી બીટ, સી.એસ.ભીલ. વનરક્ષક રેલ્વેટ્રેક બીટ-૨, બાબુભાઈ વાઘ ટ્રેકર, કનુભાઈ જાંજડા ટ્રેકર તથા રેલ્વેસેવક જયસુખભાઈ, મેહુલભાઈ, નાગરાજભાઈ, ભોળાભાઈ, લાભુભાઈ, બાબુભાઈ, મહિપાલસિંહ, પ્રાગજીભાઈ રેલ્વેસેવક સહિતના દ્વારા સિંહોને જીવ બચાવી સરાહનીય કામગીરી કરવામા આવી છે.

## ખીરસરા ઘેટિયાના લંપટ સાધુઓની કામલીલા બહાર આવતા

# ગુરુકૂળમાં ભણતા બાળકોના વાલીઓ બાળકોના એડમિશન રદ કરાવવા દોડતા થયા



### ખીરસરા ગુરુકૂળ: અમે વડતાલ ગાદી હેઠળ આવીએ; વડતાલ સંસ્થાન: એ ગાદી અમારી છે પણ મંદિર નહીં

ભાયાવદર, તા. ૧૮: જેતપુરમાં આવેલા ખીરસરા સ્વામિનારાયણ ગુરુકુળના સ્વામી વિરુદ્ધ દુષ્કર્મના આરોપો લાગ્યા બાદ ભારે હોબાળો મચ્યો છે.

ભાયાવદર નજીકના ખીરસરા ઘેટિયા ગામે આવેલા વડતાલ ગાદી હેઠળ સંચાલિત ગુરુકૂળના ધરમસ્વરૂપદાસ સ્વામીએ રાજકોટની યુવતીને પ્રેમજાળમાં ફસાવી વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું અને યુવતીને ગર્ભ રહી જતાં મંદિરમાં જ આવેલી હોસ્ટેલનું સંચાલન કરતા મયુર કાસોદરિયા નામના શખ્સે સ્વામીના કહેવાથી યુવતીનો ગર્ભપાત કરાવી દીધાની અને મોટાસ્વામી તરીકે ઓળખાતા નારાયણસુરૂપદાસે યુવતીને આ બાબતે કોઇને કશું કહેશે તો જાનથી હાથ ધોવા પડશે તેવી ધમકી દીધાની ચોંકાવનારી ઘટના સામે આવ્યા બાદ સ્વામી સામે પગલાં લેવાને બદલે આ સંસ્થા કોના વડપણ હેઠળ આવે તે મુદો સામે લાવીને દુષ્કર્મ જેવી કલંકિત ઘટનાને સાઇડલાઇન કરવાનો પ્રયાસ થઇ રહ્યાનું સામે આવ્યું છે. યુવતીએ રાજકોટ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કર્યાના ૪૮ કલાક પછી પણ આરોપીઓ હાથ લાગ્યા નથી ત્યાં આ મંદિર કોના તાબા હેઠળ આવે તે મુદાએ ગરમી પકડી છે.બીજી તરફ આ સમગ્ર ઘટનાની તપાસ ભાયાવદરના પીએસઆઇ ભીમાણી પાસેથી ગોંડલના આઇસીડબલ્યુ પીઆઇ રેખા રાઠોડને સોંપવામાં આવી છે અને પોલીસ આરોપીઓના લોકેશન મેળવવામાં વ્યસ્ત હોવાનું ગાણું ગાઇ રહી છે.

જો કે સુત્રોના અનુસાર એક સપ્તાહથી આ આખી ઘટના ચાલી રહી હોવા છતાં આરોપીઓને આરામથી નાસી જવાની મોકળાશ પણ સ્થાનિક પોલીસે કરી આપ્યાની જોરદાર ચર્ચા શહેરમાં ચાલી રહી છે ત્યારે પીઆઇ આરોપીઓ સુધી પહોંચવામાં કેવી ત્વરા દાખવશે તે જોવાનું રહે.

#### વિદ્યાર્થીઓને વાલીઓ ઘરે લઈ ગયા

ગુરુકુળના સ્વામીએ વિરુદ્ધ કુકર્મની ફરિયાદથી વાલીઓમાં પણ રોષ છે અને બાળકોને લઈને ચિંતિત બન્યા હતા. ગુરુકુળમાં અભ્યાસ કરતા ૧૫૦માંથી ૧૩૫ વિદ્યાર્થીઓને વાલીઓ ઘરે પરત લઈ ગયા. જો જામટીંબડી ગામે આવેલી કન્યા વિદ્યાલયમાંથી ૧૪૫ વિદ્યાર્થિનીઓને વાલીઓ પરત લઈ ગયા છે. તો બીજી તરફ ફરિયાદ બાદ ગુરુકુળના ટ્રસ્ટીઓ તેમજ સંચાલકો ભૂગર્ભમાં ઉતરી ગયા છે.

#### અમારી મુખ્ય ગાદી વડતાલ જ છે

ખીરસરા ઘેટિયા ગુરુકૂળના ભક્તિનંદન સ્વામીએ જણાવ્યું હતું કે આ સેન્ટર અને મંદિર નાનું છે.જેમણે આ કૃત્ય આચર્યું તેમની સામે ક્યા પગલાં લેવા , કાઢી મૂકવા કે કેમ એ તો અમારા મુખ્ય સેન્ટર રાજકોટ અને વડતાલ ગાદી નક્કી કરે તેમ જ થાય.અમે તેમના આદેશનું પાલન કરીએ. અમારું કદ અહીં નાનું પડે. અમે આવીએ તો વડતાલ ગાદી હેઠળ એ નક્કી.

#### એ ગાદી અમારી ખરી, મંદિર નહીં

જો કે વડતાલ સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આધારભૂત સુત્રોએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે ભાયાવદરના ખીરસરા ઘેટિયામાં આવેલું એ મંદિર અમારું ન ગણાય, એ ગાદી અમારી જ ગણાય પરંતુ એ સીધું વડતાલ તાબાનું મંદિર ન ગણાય. એ ધાર્મિક સ્થળ અલગ છે, માત્ર ગાદી જ અમારી છે.



# રાજકોટ મનપાએ લાખોનાં ખર્ચે વસાવેલી સાયકલ ભંગાર હાલતમાં

## ■ યોગ્ય મેઈન્ટેનન્સ નહીં થતા લોકોએ ઉપયોગ ઘટાડયો

રાજકોટ, તા. ૧૮ઃ રાજકોટ મનપા દ્વારા લોકોમાં સ્વાસ્થ્ય અંગે જાગૃતતા લાવવા તેમજ પેટ્રોલ-ડિઝલનો વપરાશ ઘટાડવા ખાસ સાયકલ શેરિંગ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ હેઠળ શહેરના વિવિધ મુખ્ય વિસ્તારમાંથી નગરજનો સાયકલ ભાડે લઇ શકે તે માટે સાયકલ સ્ટોર્સ (કેબીનો) શરૂ કરવામાં આવ્યા હતા પરંતુ, આ પ્રોજેકટને ધાર્યી સફળતા મળી નથી. તેમાં પણ સાયકલોનું યોગ્ય પ્રકારે મેઈન્ટેનન્સ નહીં થતા લોકોએ ઉપયોગ ઘટાડયો છે. આ કારણે લોકો આ પ્રોજેક્ટનો યોગ્ય લાભ લેતા ન હોવાથી હાલ સાયકલોની ભંગાર જેવી થતા આ પ્રોજેકટમાં જ પંચર પડ્યું હોય એવું લાગી રહ્યું છે.

**વાર્ષિક ર લાખના ખર્ચ છતાં સાયકલ ઉપયોગ કરવા જેવી નહી**

રાજકોટ મનપા દ્વારા સાયકલ શેરિંગ પ્રોજેક્ટ અંતર્ગત કોટેચા ચોકમાં ૮૦થી વધુ સાયકલ રાખવામાં આવી છે. જેનો ઉપયોગ નહીં થતા મોટાભાગની સાયકલ ધૂળ ખાઈ રહી છે. રાજકોટમાં શહેરીજનોની સવલત માટે રેસકોર્સ સહિત ત્રણ જગ્યાએ ચાલતો સાયકલ શેરિંગ પ્રોજેક્ટ યોગ્ય જાળવણીના અભાવે ભંગારમા ફેરવાયો છે. દર વર્ષે ર લાખના ખર્ચ છતાં સાયકલો ઉપયોગ કરવા જેવી રહી નહિ હોવાની ફરિયાદો ઉઠી રહી છે. પ્રોજેકટ હેઠળ પ્રથમ કલાક સાયકલ ફ્રી અપાય છે પરંતુ, બાદમાં દરેક કલાક લેખે રૂ. ૫ ભાડું વસુલવામાં આવે છે એટલે કે કોઈ ૫ કલાક સાયકલ રાખે તો રૂ ૨૦ ભાડું ચૂકવવું પડે છે તેમજ આ દરમિયાન જો કોઈ નુકસાન થાય તો તેનો ખર્ચ ભાડે લેનારે ચૂકવવો પડે છે.



વર્ષ ૨૦૧૫માં રંગીલા રાજકોટિયનો માટે યુરોપીય દેશોની યોજનાના આધારે સાયકલ શેરિંગ પ્રોજેક્ટ શરૂ થયો હતો. જેમાં લોકો પોતાની અનુકૂળતા પ્રમાણે સાયકલ વાપરીને શહેરમાં હરી ફરી શકે છે. હેલ્થ માટે રેસકોર્સમાં પણ સાયકલિંગ કરી શકે તે માટે આ પ્રોજેક્ટ શરૂ કરાયો હતો. જેમાં રેસકોર્સ સહિત ઈન્દિરા સર્કલ, કોઠારીયા રોડ સ્વિમિંગ પુલ ખાતે સાયકલો રાખવામાં આવી હતી. જેમાં રેસકોર્સ ખાતેની સાયકલોનો શરૂઆતમાં ઉપયોગ થયો હતો પરંતુ, સાયકલો રિપેર કરવામાં આવતી ન હોવાથી લોકોને મુશ્કેલી પડવા લાગી હતી અને લોકોએ સાયકલનો વપરાશ ક્રમશઃ ઘટાડતા હાલ પ્રોજેક્ટ બંધ કરી દીધો છે.

વર્ષ ૨૦૨૦માં કોરોના બાદ ફરી એકવાર લોકો સાયકલ શેરિંગ પ્રોજેકટનો લાભ લેતા થયા હતા. જોકે, હાલમાં સાયકલ શેરિંગ પ્રોજેક્ટમાંથી લોકોનો રસ ઉડવા લાગ્યો છે અને સાયકલોની હાલત જોતા ચલાવવાની ઈચ્છા થાય તેવી રહી નથી. આ પ્રોજેક્ટ માટે ૧૮૦ સાયકલ ખરીદવામાં આવી હતી. જેમાંથી ૮૦ કરતા વધુ સાયકલો કિસાનપરા ચોક અને બાકીની ઈન્દિરા સર્કલ સહિતના અન્ય સ્થળોએ મુકવામાં આવી હતી. જોકે, હાલમાં ૬૦ ટકા કરતા વધુ સાયકલોની હાલત ભંગાર થઈ ચૂકી છે. મોટાભાગની સાયકલોમાં હવા નથી. તો કેટલીકનાં તો ટાયર નીકળી ગયા છે. અને ઠેર-ઠેર કાટ લાગેલી હાલતમાં સાયકલો જોવા મળી રહી છે.

**સાયકલની સાપેક્ષે ઓટોરિક્ષા અને સિટીબસનું ભાડું સસ્તું**

અત્રે ઉલ્લેખનીય છે કે, આ સાયકલ શેરિંગ પ્રોજેક્ટમાં હાલ જેટલું ભાડુ વસુલવામાં આવે છે. તેના કરતા ઓટોરિક્ષા અને સિટીબસનું ભાડું સસ્તું હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. નિયમિત સાયક્લિંગ કરતા લોકોનું કહેવું છે કે, સાયકલ શેરિંગ પ્રોજેક્ટ ખરેખર સારો જ છે. પરંતુ તેનું ભાડું પ્રમાણમાં વધુ છે. ઉપરાંત હાલમાં સાયકલોની હાલત ચલાવવા જેવી રહી નથી. અને મોટાભાગની સાયકલો રીપેરીંગ કરાવવાની જરૂર છે. ત્યારે ભાડું ઘટાડી અને સાયકલો રીપેર કરાવવામાં આવે તો હજુપણ આ પ્રોજેકટનો લાભ લોકોને મળી શકે તેમ છે.

# રાજકોટમાં બકરી ઈદના દિવસે સ્કૂલ ચાલુઃ જાહેર રજામાં સ્કૂલ બંધ કરાવવા જતા સૌરાષ્ટ્ર કોંગ્રેસ પ્રવક્તા સહિત ૫ની અટકાયત

■ **ધોળકિયા સ્કૂલના સંચાલક કૃષ્ણકાંત ધોળકિયાએ કહ્યુંઃ ૫૦૦ ખાનગી સ્કૂલ ચાલુ**





રાજકોટ, તા. ૧૮ઃ સામાન્ય રીતે જાહેર રજાના દિવસોમાં વિદ્યાર્થીઓનું ભણતર બંધ રાખવામાં આવે છે પરંતુ, રાજકોટ શહેરમાં રજાના દિવસે ખાનગી શાળાઓમાં શૈક્ષણિક કાર્ય ચાલુ લખાતું હોવાની ફરિયાદો સામે આવે છે ત્યારે આજે રાજકોટની ધોળકિયા સ્કૂલમાં બકરી ઈદના દિવસે શૈક્ષણિક કાર્ય શરૂ હોવાની ફરિયાદોના આધારે આજે સૌરાષ્ટ્ર કોંગ્રેસ પ્રવક્તા સહિતના વિદ્યાર્થી આગેવાનો ધોળકિયા સ્કૂલ ખાતે પહોંચ્યા હતા અને શિક્ષણકાર્ય બંધ કરાવવા માટેના સૂત્રોચ્ચાર પોકાર્યા હતા. આ દરમિયાન ત્યાં હાજર સ્કૂલ સંચાલક કૃષ્ણકાંત ધોળકિયા સમક્ષ તેઓ રજૂઆત કરતા હતા ત્યારે અચાનક પોલીસ આવી પહોંચી હતી અને વિદ્યાર્થી આગેવાનોની અટકાયત કરી લીધી હતી. જોકે, આ દરમિયાન સ્કૂલ સંચાલકે જણાવ્યું હતું કે, ધો. ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે માત્ર ધોળકિયા જ નહીં પરંતુ, રાજકોટની ૫૦૦ જેટલી ખાનગી શાળાઓમાં અભ્યાસક્રમ ચાલુ છે. તેમના આ નિવેદન પરથી જિલ્લા શિક્ષણ અધિકારીની કામગીરી સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે.

**શા માટે ધોળકિયા સ્કૂલ એક જ ચાલુ છે?**

રાજકોટ શહેરમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ પાસે આવેલી કે. જી. ધોળકિયા સ્કૂલમાં આજે શૈક્ષણિક કાર્ય ચાલુ હોવાની વાલીઓની ફરિયાદના આધારે સૌરાષ્ટ્ર કોંગ્રેસ પ્રવક્તા રોહિત રાજપૂત સહિતના વિદ્યાર્થીઓ આગેવાનો સ્કૂલ ઉપર પહોંચ્યા હતા અને 'ધોળકિયા સ્કૂલ બંધ કરો'ના સૂત્રોચ્ચાર લગાવ્યા હતા. આ દરમિયાન સ્કૂલ સંચાલક કૃષ્ણકાંત ધોળકિયા ત્યાં ઉપસ્થિત હતા, જેમને રજૂઆત કરતા સ્કૂલ સંચાલકે જણાવ્યું હતું કે, અમારી શાળામાં ધોરણ ૧થી ૮ના વિદ્યાર્થીઓનું ભણતર આજે બકરી ઈદની રજાને લઈને બંધ છે પરંતુ, મોટા ધોરણ એટલે કે જેઓને બોર્ડનું મહત્વનું વર્ષ છે એવા ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક કાર્ય ચાલુ છે. ગુજરાતના શિક્ષણનું સ્તર ઊંચુ આવે તે માટે વિદ્યાર્થીઓનું ભણતર ચાલુ રાખવામાં આવ્યું છે. આ સમયે તેમને કહેવામાં આવ્યું કે, શા માટે ધોળકિયા સ્કૂલ એક જ ચાલુ છે? અન્ય ૫૦૦ શાળાઓ બંધ છે. આ સમયે તેમણે જણાવ્યું હતું કે, ચાલુ હું આપની સાથે આવું રાજકોટની ૫૦૦ ખાનગી શાળાઓમા ધો. ૯ થી ૧૨ની શાળાઓ ચાલુ છે.

જોકે, આ દરમિયાન પોલીસ જવાનો ત્યાં આવી પહોંચ્યા હતા અને સૌરાષ્ટ્ર કોંગ્રેસ પ્રવક્તા રોહિત રાજકોટ સહિતના કાર્યકરોને પકડીને સ્કૂલેથી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવતા હતા. આ સમયે મીડિયા સાથે વાતચીત કરતા રોહિત રાજપૂતે જણાવ્યું હતું કે, શા માટે પોલીસ દારૂ અને જુગારના અડ્ડાઓ જ્યાં ચાલે છે ત્યાં રેડ પાડવા માટે સમયસર પહોંચતી નથી અને અમે સરકારના નિયમ મુજબ જાહેર રજાના દિવસોમાં શાળાઓ ચાલુ ન રાખી શકાય તેનું પાલન કરાવવા માટે અહીં ધોળકિયા સ્કૂલે આવ્યા છીએ. અમે કોઈ નિયમોનું ઉલ્લંઘન કરાવવા આવ્યા નથી ત્યારે પોલીસ દ્વારા બળજબરીપૂર્વક અટકાયત કરવામાં આવે તે જરા પણ યોગ્ય નથી. આ સમયે પોલીસ જવાનો અને વિદ્યાર્થી કાર્યકરો વચ્ચે ઝપાઝપી થઈ હતી.

આ દરમિયાન રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ ડી. વી. મહેતાનો સંપર્ક કરવામાં આવતા તેઓએ જણાવ્યું હતું કે, રાજકોટમા બકરી ઈદની જાહેર રજામાં ધોરણ ૧થી ૮ના વિદ્યાર્થીઓનું ભણતર બંધ છે. ધોરણ ૯થી ૧૨ની શાળાઓને ભણતર શરૂ રાખવું કે કેમ? તેનો નિર્ણય સ્વેચ્છાએ લેવાનુ નક્કી કર્યુ છે અને એ નિર્ણય પણ એટલા માટે લેવાયું છે કે, ફાયર NOC સહિતના કારણોસર શાળાઓ બંધ થતી અને તેને કારણે ભણતર ચાલુ રાખવામાં આવ્યું હશે. જોકે, મારી શાળામાં ધો. ૧થી ૧૨ના વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય બંધ રાખવામાં આવ્યું છે.

**સ્કૂલને કોઈ નોટિસ આપવામાં આવશે કે કેમ?**

આ બાબતે જિલ્લા શિક્ષણ અધિકારી નિલેશ રાણીપાનો સંપર્ક કરવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે, રજાના દિવસોમાં શાળાઓ ચાલુ રાખી ન શકાય ધોળકિયા સ્કૂલ ચાલુ હોવાની વાત મળી છે અને તેથી અમારા એજ્યુકેશન ઈન્સ્પેક્ટરને શાળા તાત્કાલિક બંધ કરાવવા માટેનો આદેશ આપ્યો છે.

સરકારનો સ્પષ્ટ આદેશ છે કે, જાહેર રજામાં શાળાઓ સદંતર બંધ રાખવામાં આવે. જો તે નિયમનું ઉલ્લંઘન કર્યું છે તો શાળા બંધ કરાવવામાં આવશે. જોકે, આ સ્કૂલને કોઈ નોટિસ આપવામાં આવશે કે કેમ? એવું પૂછવામાં આવતા તેમણે જણાવ્યું કે, શાળામાં હાલ રજાના દિવસે શૈક્ષણિક કાર્ય બંધ કરાવવા માટે સૂચના આપવામાં આવી છે.

# મનપા દ્વારા નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત ૫૨ ટન કચરાનો નિકાલ



રાજકોટ, તા. ૧૮ઃ ભારત સરકાર દ્વારા વર્ષ-૨૦૧૪ માં શરૂ કરાયેલ સ્વચ્છ ભારત મિશન ૧.૦, સમગ્ર દેશમાં સ્વચ્છતા અને સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા માટે નિમિત બની રહ્યુ છે. જેની સફળતાના આધારે, ભારત સરકારે વર્ષ-૨૦૨૬ સુધીમાં તમામ શહેરોને કચરા-મુકત શહેરો (જીએફસી) બનાવવાના ઉદેશય સાથે સ્વચ્છ ભારત મિશન અર્બન-૨.૦ લોન્ચ કરવામાં આવ્યું છે.રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૦૧થી તા.૧૫ દરમ્યાન જનજાગૃતિ અભિયાન સ્વરૂપે સ્વચ્છતા ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૪ના રોજ રાજકોટ મહાનગરપાલિકા હસ્તકની ઝોન ઓફીસો, વોર્ડ ઓફિસોની સઘન સફાઈ કરવામાં આવી અને તા.૧૫ના રોજ રાજકોટ શહેરમાં આવેલ શાકભાજી માર્કેટ, બાગ-બગીચાઓની સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી. જેમાં કુલ ૨૨૪ સફાઈ કામદાર દ્વારા ૫૨ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ.

# રેસકોર્સ સ્વીમીંગ પુલનું રીનોવેશન થશે : ૧.૦૭ કરોડનો ખર્ચ : જુલાઇ માસથી તરવૈયાઓ માટે પુલ બંધ કરાશે

## ૧૫૫૦ ચો.મી.માં નવી ટાઇલ્સ, ચિલ્ડ્રન શાવર રૂમ, કોચ રૂમ બંધાશે : સભ્યોની ફરિયાદોનો આવશે અંત




રાજકોટ, તા. ૧૭

રાજકોટ શહેરની મધ્યમાં આવેલા અને સ્વીમર્સ માટે પ્રિય એવા રેસકોર્સ સ્વીમીંગ પુલમાં ટાઇલ્સ બદલવા, ચિલ્ડ્રન શાવર અને કોચ રૂમ બનાવવા સહિતનું રીનોવેશન નીકળ્યું છે. લાંબા સમયથી જરૂરી એવા આ કામના ટેન્ડર બહાર પડતા રૂ.૧.૦૭ કરોડના ખર્ચે આ કામ કરાવવા કાલે મંગળવારે મળનારી સ્ટે.કમીટીની બેઠકમાં દરખાસ્ત આવી છે.

રમત-ગમત, સાંસ્કૃતિક પ્રવૃતિને પ્રોત્સાહન આપતા ચેરમેન જયમીન ઠાકરના અધ્યક્ષ સ્થાને કાલે મીટીંગ મળનાર છે. કમિશ્નર દ્વારા આ બેઠકમાં રેસકોર્સ સ્વીમીંગ પુલમાં ચિલ્ડ્રન શાવર રૂમ, કોચ રૂમ બનાવવા તથા સ્વીમીંગ પુલની ટાઇલ્સ બદલવા માટેની દરખાસ્ત મોકલાઇ છે.

આ કામ મંજૂર થાય અને શરૂ થાય એટલે જુલાઇ માસથી શરૂ થતી નવી ત્રિમાસિક બેચ રેસકોર્સના પુલ માટે ઓપન થશે નહીં. અન્ય સ્વીમીંગ પુલમાં સભ્ય પદ માટે કાર્યવાહી શરૂ થશે. પરંતુ રેસકોર્સમાં આ કામ શરૂ થનાર હોય, ઓછામાં ઓછા ત્રણ માસ તરવૈયાઓ માટે પુલ બંધ રાખવો પડશે. આ કામનો સમયગાળો વધી પણ શકે છે.

રેસકોર્સમાં ચિલ્ડ્રન અને મોટેરાઓના પુલમાં આ કામ માટે ૮૨.૦૫ લાખનું ટેન્ડર બનાવવામાં આવ્યું હતું. કુલ ૧૫૫૦ ચો.મી. વિસ્તારમાં ખાસ પ્રકારની પોર્સેલીન મોઝેક સ્વીમીંગ પુલ ટાઇલ્સ તથા ૧૩૨ ચો.મી. વિસ્તારમાં ચિલ્ડ્રન શાવર રૂમ, કોચ રૂમ બનાવવા આયોજન કરાયું છે. આ કામ માટે રી-ટેન્ડર બાદ છગનભાઇ વેલજીભાઇ તળપદા એજન્સીએ ૧૫.૫૫ ટકા વધુ ભાવ મુકતા વાટાઘાટોના અંતે ૧૧ ટકા ઓનથી કામ કરવા સંમતિ આપી છે.

એસ્ટીમેટ ઉપરાંત ઓન સહિત ૯૧.૦૭ લાખનું કામ અને ૧૮ ટકા જીએસટી (૧૬.૩૯ લાખ) મળી કુલ ૧ કરોડ ૭ લાખનું કામ મંજૂર કરવા સ્ટે.કમીટીને દરખાસ્ત મૂકાઇ છે. રેસકોર્સ પુલના નવીનીકરણની જરૂરીયાત ઘણા સમયથી લાગતી હતી.જરૂરી કાર્યવાહી પણ કરવામાં આવતી હતી. હવે કાલની મીટીંગમાં દરખાસ્ત આવી જતા તુરંતમાં રીનોવેશન શરૂ થશે તો ચાલુ વર્ષની બીજા કવાર્ટરની બેચ સભ્યો માટે બંધ કરાશે તેમ અધિકારીઓએ કહ્યું હતું. પુલમાં અવારનવાર નાના મોટાને ટાઇલ્સ લાગી જતી હોવાની ફરિયાદ આવતી હતી તો ચિલ્ડ્રન ચેન્જ રૂમ માટે પણ રજુઆત હતી. હવે ચોમાસામાં કામ થાય અને તે બાદની બેચ ખુલે ત્યારે સભ્યોને નવો નકકોર પુલ મળશે.

# ‘મહારાજ’ ફિલ્મના સંવાદો સામે વૈષ્ણવ સમાજનો વિરોધ

## પોલીસ કાર્યવાહી કરવા માંગ, વિશ્વભરના વૈષ્ણવોની લાગણી દુભાઈ, પુષ્ટિ માર્ગને બદનામ કરવાની ચાલ હોવાનું કથન

રાજકોટ,તા.૧૮

વૈષ્ણવ સંપ્રદાયના વર્ષો પહેલાના કિસ્સાને લઈ મહારાજ ફિલ્મ બની છે.જેના સંવાદોને લઈ વૈષ્ણવ સંપ્રદાયમાં રોષ ફાટી નીકળ્યો છે. રાજકોટમાં પોલીસ કમિશ્નરને આવેદન પત્ર પાઠવાયું હતું.ફિલ્મ જે પુસ્તક પરથી લખાયું છે તેના લેખક સૌરભશાહ, યશરાજ ફિલ્મસ પ્રા.લી.આર.આર.શેઠ એન્ડ કંપની પ્રા.લી.સિદ્ધાર્થ મલ્હોત્રા સહિતના વિરૂદ્ધ અરજી ફરિયાદ આપતા વૈષ્ણવ અગ્રણીઓએ જણાવ્યું હતું કે,બહુચર્ચિત મહારાજ ફિલ્મના અમુક હિન પ્રકારના સંવાદો કારણે દેશ અને દુનિયા કરોડો સનાતન ધર્મીઓતથા વૈષ્ણવોની લાગણી દુભાણી છે.

પુષ્ટિ માર્ગને બદનામ કરવાની ચાલ સામે અવાજ ઉઠ્યો છે દેશના ખૂણે ખૂણેથી આ ફિલ્મ રિલીઝ ન થાય તે માટે તેમજ લોકોને લાગણી દુભાય તેવા દ્રશ્યો સામે પોલીસ ફરિયાદો પણ થઈ રહી છે ગુજરાતના તમામ નાના-મોટા ગામોમાં પુષ્ટિમાર્ગીય આચાર્યઓ તેમજ વૈષ્ણવ અગ્રણીઓ પોલીસ ફરિયાદ કરીને પોતાનો રોષ પ્રગટ કરી રહ્યા છે.

આવા ષડ યંત્ર સામે હવે સનાતન ધર્મના લોકોએ બહાર નીકળવું પડશે નહીંતર આપણી સનાતન ધર્મની સંસ્કૃતિને બહુ જ મોટુ નુકસાન થશે અને ધીમે ધીમે આવા ષડયંત્રોથી આપણી સંસ્કૃતિ ખતમ થતી જશે આ ફિલ્મમાં વલ્લભ સંપ્રદાયને ખરાબ ચીતરવાનોહિન પ્રયાસ કરાયો છે.

રેલી ધરણા વગેરે નક્કી કરવા સાંજે ૬:૩૦ વાગ્યે જશુ બાઈ વૈષ્ણવમંડાણ ખત્રીવાડ હવેલી રોડ રાજકોટ ખાતે એક વિશાળ મિટિંગનું પણ આયોજન થયેલ છે કાલે મંગળવારે સવારે ૧૧:૦૦ વાગે એક સ્કૂટર રેલી યોજી રાજકોટ કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવશે.વૈષ્ણવ સંપ્રદાયના લોકોને જોડાવવા અપીલ કરાઈ છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭



# અમદાવાદમાંથી સૌરાષ્ટ્રના ૧૦ શખ્સોની સાયબર ક્રાઈમ કરતી ગેંગ ઝડપાઈ

**■ તમારા કુરીયરમાં ડ્રગ્સ છે, એનસીબી અને સીબીઆઇ તપાસ કરે છે : અનેક લોકોને ફોન કરીને લાખો રૂપિયાનો તોડ કર્યાનો પર્દાફાશ : રાજકોટ, ધોરાજી, પોરબંદરના શખ્સોની પુછપરછ**

અમદાવાદ, તા. ૧૮: ડીજીટલ પેમેન્ટના યુગમાં સાયબર ક્રાઈમ ફ્રોડ ગેંગ હવે પૂરા દેશમાં વધુ સક્રિય બની હોય તેમ રોજની હજારો ફરિયાદો થતી રહે છે. છેતરપીંડીના સેંકડો કેસ પોલીસ મથક સુધી પહોંચી રહ્યા છે ત્યારે ગુજરાતમાં લોકો પાસેથી નાણા પડાવવા સાયબર ગેંગની નવી મોડેસ ઓપરેન્ડી બહાર આવી છે. ચોકકસ લોકોને નિશાન બનાવી તેમના કુરીયરમાં ડ્રગ્સ હોવાનું કહી, મની લોન્ડરીંગના કેસ કરવાની ધમકી આપતી ચાઈનીઝ ગેંગના ૨૦થી વધુ શખ્સોને અમદાવાદથી પકડી પાડવામાં આવતા આ તોડનું મોટુ કારસ્તાન બહાર આવ્યું છે.

અમદાવાદમાં રહેતા અને જાણીતી સંસ્થા 'માઈકા'ના પૂર્વ પ્રમુખ શૈલેન્દ્ર ભટ્ટને તમે તાઈવાનમાં જે કુરીયર મોકલ્યું તેમાં ડ્રગ્સ હોવાનો કોલ આવ્યો હતો. સીબીઆઇ અને નાર્કોટીક એજન્સી તપાસ કરતી હોય, મની લોન્ડરીંગનો કેસ કરવામાં આવશે. સતત બે દિવસ સુધી તેમને ધમકાવી ૧.૧૫ કરોડ પડાવવામાં આવ્યા હતા. રાજય જીએસટી વિભાગના અધિકારીઓએ બોગસ બીલીંગ કૌભાંડની તપાસ કરતા ભાડેથી ઓપરેટ કરતા હોય તેવા હજારો ખાતા પાલીતાણા પંથકમાંથી શોધી કાઢ્યા હતા.

**પકડાયેલા આરોપીઓના નામ**

મિહિર રમણીકભાઈ ટોપિયા (ઉ.વ.૨૩), હીરાપરાવાડી, નવયુગ સ્કુલ પાસે, ધોરાજી, રાજકોટ),અંકિત ભલાભાઈ દેસાઈ (ઉ.વ.૨૯), ઘર નં.૧૮, હરિકૃષ્ણ સોસાયટી, ઈસનપુર, સરદાર ચોક, અમદાવાદ), પ્રફુલ લવજીભાઈ વાલાણી (ઉ.વ.૪૩), અંજનીસુત હનુમાન મંદિર પાસે ધોરાજી, રાજકોટ), રોનક હરેશભાઈ સોજીત્રા (ઉ.વ.૨૩) અભ્યાસ, દેવભૂમિ એપાર્ટમેન્ટ, તાપસ રાજકોટ) સોસાયટી, રાજકોટ), કિરણ અમથાભાઈ દેસાઈ (ઉ.વ.૨૯), રહે. હરિકૃષ્ણ સોસાયટી, સરદાર ચોક, ઈસનપુર), કિશા પોલાભાઈ ભારાઈ (ઉ.વ.૪૫), નેસ વિસ્તાર, સાસણ નેસ, પોરબંદર), મેરૂભાઈ બાવનભાઈ કરમટા (ઉ.વ.૨૪, રહે. ધુવારા પાટીયાની બાજુમાં, મોબતપુરા, મોબતપુરા, કુતિયાણ પોરબંદર), યોગીરાજસિંહ દિવ્યરાજસિંહ જાડેજા (ઉ.વ.૩૮) રતમપ્રાઈડ સોસાયટી, ગ્રીન ફિલ્ડ સોસાયટી, ઘંટેશ્વર, રાજકોટ), રવિ બાબુભાઈ સવસેટા (ઉ.વ.૨૮), રહે. કૃષ્ણાજી સોસાયટી, નાલંદા વિદ્યાલય પાછળ, રાજકોટ), રોહન પ્રહલાદભાઈ લેઉવા (ઉ.વ.૨૮), રહે. અતિથિ એવન્યુ, નારોલ, અમદાવાદ), રોહિત જીતુભાઈ વાઘેલા (ઉ.વ.૨૪), સુનાપુરી રોડ, રામપુરા, ધોરાજી, રાજકોટ), સાગર રમેશભાઈ ડાભી (ઉ.વ.૩૧), વૃંદાવન વનસો સોસાયટી, અવધ રોડ, રાજકોટ), મોઈન અલ્તાફભાઈ ઈંગોરીયા (ઉ.વ.૨૮), પહેલો માળ, કિનારા એપાર્ટમેન્ટ, બહારપુરા, રબાનીનગર, ધોરાજી, રાજકોટ), નેવીવાલા મુસ્તુફા યુનુસ (ગુજરાત),વીરેન બાબુભાઈ આસોદરીયા (રહ. બ્લુ બેલ, મહારાજા ફાર્મ પાસે, સુરત), પ્રદીપ વશરામભાઈ મણિયા (ઉ.વ.૩૪), રહે. જલદર્શન સોસાયટી, સવજી કોરાટ બ્રિજ પાસે, નાના વરાછા, સુરત) નો સમાવેશ થાય છે.

## રાજકોટ જીલ્લામાં સાયબર ફ્રોડથી ગયેલા ૧૯.૪૬ લાખ ૧૨૦ અરજદારોને પરત અપાશે

રાજકોટ ગ્રામ્ય જીલ્લાના ઈન્ચાર્જ નાયબ પોલીસ મહાનીરીક્ષક એસ. એસ. રઘુવંશી દ્વારા રાજકોટ ગ્રામ્ય જીલ્લાના નાગરીકોને સાયબર ફ્રોડના બનાવો બાબતે જન જાગૃતી ફેલાય તે હેતુસર પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં નાગરીક જોગ સંદેશમાં જણાવવામાં આવેલ કે, રાજકોટ ગ્રામ્ય જીલ્લામાં સાયબર ક્રાઈમના ગુન્હાઓનું પ્રમાણ દિવસો-દિવસ વધવા પામેલ છે. જે બાબતે સાવચેત રહેવા તેમજ સાયબર ફ્રોડના બનતા બનાવો બાબતેની માહિતી અને સુચનો કરવામાં આવેલ હતાં.

સાયબર ક્રાઈમ બને તો સૌથી પહેલા સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર તુરત જ કોલ કરી આપની સાથે બનેલ બનાવની વિગત ફોન પર આપવી. જેટલી ઝડપથી ૧૯૩૦ પર કોલ કરી આપશો એટલી ઝડપથી ફ્રોડમાં ગયેલ નાણા બેન્કમાં હોલ્ટ કરાવી શકાશે.

# રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર નવું ATC ટાવર તૈયાર

■ **ફલાઈટના ઓપરેશન માટે ફાયરના વોચ ટાવર, નવા ATC બિલ્ડીંગથી ટ્રાયલ સફળ**

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા. ૧૮ઃ રાજકોટ-અમદાવાદ હાઈ-વે પર ચોટીલા પાસે હીરાસર એરપોર્ટ ખાતે નવનિર્મિત એટીસી (એર ટ્રાફીક કંટ્રોલ) ટાવરમાંથી ફ્લાઈટ ઓપરેશન માટે ટ્રાયલ કરવામાં આવી હતી. ૩ દિવસ સુધી નવા અને જૂના ટાવર બંનેમાંથી ટ્રાયલ કરવામાં આવી હતી, જેને સફળતા મળી છે. આંતરરાષ્ટ્રીય એરપોર્ટના નવા ટર્મિનલના બિલ્ડીંગના ઉદ્દઘાટનમાં વિલંબ થઈ રહ્યો છે. જેમાં તારીખ પે તારીખ મળી રહી છે. જ્યારે નવો એટીસી ટાવર તૈયાર થઈ જતા હવે ટૂંક સમયમાં નવા સાધનોનું ઈન્સ્ટોલેશન પણ થઈ જશે અને તે બાદ નવા અઝઈ ટાવર બિલ્ડીંગ પરથી ફ્લાઈટનું ઓપરેશન થવા લાગશે.

રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપરથી હાલ દિલ્હી-મુંબઈ સહિતની ૧૨ જેટલી ફ્લાઈટ ઉડાન ભરી રહી છે. રાજકોટના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ખાતે હાલના સમયમાં નવા બિલ્ડીંગનું કામ ચાલી રહ્યું છે પરંતુ, પહેલા ફેબ્રુઆરી અને ત્યારબાદ ૩૧ માર્ચ સુધીમાં બિલ્ડીંગ બનીને તૈયાર થઈ જશે એવી ખાતરી






આપવામાં આવી હતી. જોકે, હજુ સુધી આ બિલ્ડીંગમાં ઘણું બધું કામ બાકી હોવાથી નજીકના સમયમાં નવું ટર્મિનલ બિલ્ડીંગ તૈયાર થાય એવી કોઈ શકયતા દેખાતી નથી. આ દરમિયાન એરપોર્ટ ખાતે નવો ટેક્નિકલ બ્લોક બનાવવામાં આવ્યો છે જ્યાં એરપોર્ટ ડાયરેક્ટરની કચેરીથી લઈ ATC ટાવર એક જ બિલ્ડિંગમાં તૈયાર થયો છે આ બિલ્ડીંગ તૈયાર થઈ ગયું છે.

ગત અઠવાડિયે નવા અઝઈ ટાવર અને જૂના અઝઈ ટાવર બંનેમાંથી ફ્લાઈટ ઓપરેશન માટે પેરેલલ ટ્રાયલ કરવામાં આવી હતી. બંને ટાવરમાંથી ૫૦-૫૦% જેટલી કામગીરી કરવામાં આવી હતી. આ પેરેલલ ટ્રાયલના આધારે ફ્લાઈટ ઓપરેશનમાં કઈ મુશ્કેલી કે પછી નવી કોઈ મશીનરીની જરૂરત છે કે શું? તે તમામ બાબતને ધ્યાનમાં લઈ એનાલિસિસ કરવામાં આવ્યું હતું. ૩ દિવસ સુધી ચાલેલી આ ટ્રાયલને સફળતા મળ્યા બાદ હવે ટૂંક સમયમાં અઝઈ ટાવર નવા બિલ્ડીંગમાં કાર્યરત થઈ જશે અને ત્યારબાદ ફ્લાઈટ ઓપરેશન માટે નવા ઈક્વિપમેન્ટ લાવી ફિટ કરાશે.આ પેરેલલ ટ્રાયલનો રિપોર્ટ એરપોર્ટ ઓથોરિટી દિલ્હી ખાતે વડી કચેરીએ મોકલી દેવામા આવ્યો હોવાનુ જાણવા મળી રહયું છે.

---

# વેરાવળ સુત્રાપાડા રોડ ઉપર સાઈડમાં ઉભેલા પરીવારને ટ્રકે હડફેટે લેતા પિતા-પુત્રના સ્થળ પર કમકમાટીભર્યા મોત

■ **અકસ્માતમાં માતા અને પુત્રી ઈજાગ્રસ્ત થતા ટ્રક ચાલક સામે ગુનો નોંધી પોલીસે કાર્યવાહી હાથ ધરી**

વેરાવળ સુત્રાપાડા રોડ ઉપર કાળમુખા ટ્રકે રોડ સાઈડ ઉભેલા એક પરિવારને અડફેટે લેતા પિતા અને સાત વર્ષના પુત્રનું સ્થળ પર જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજ્યું હતું જ્યારે માતા અને બે પુત્રીઓને ઈજા સાથે સારવારમાં ખસેડવાની ફરજ પડી હતી. આ અકસ્માત અંગે પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

આ ગોઝારા અકસ્માતની પ્રાપ્ત વિગતોનુસાર સુત્રાપાડા ખાતે રહેતા રમેશભાઈ જેઠાભાઈ રાઠોડ પોતાની એક્ટીવા મો.સાયકલમાં પોતાની પત્નિ






તથા ત્રણ બાળકો સાથે મીઠાપુર ગામ પાસે શિતળા માતાજીના મંદિરે દર્શન કરવા જતા હતા. ત્યારે લાટી ગામના પાટિયા પાસે રોડની સાઈડમાં એક્ટીવા મો.સા. ઉભી રાખી ઉભા હતા. એ સમયે ટ્રક રજી.નં જી.જે. ૧૦ ટીટી ૩૭૧૩ ના ચાલકે પોતાના હવાલાનો ટ્રક એકદમ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી રમેશભાઈ જેઠાભાઈને તથા તેના પરિવારને હડફેટે લીધા હતા. જેમાં રમેશભાઈ રાઠોડ તથા તેના સાત વર્ષના દિકરા ત્રિલોકને માથામાં અને શરીરે ગંભીર ઈજા પહોંચતા સ્થળ પર જ કમકમાટીભર્યા મૃત્યુ નિપજયા હતા. જ્યારે રમેશભાઈ ના પત્નિ રામેશ્વરીબેન તથા પુત્રી સારિકા અને સીરતાને ઈજાઓ પહોંચી હોવાથી પ્રથમ સુત્રાપાડા અને ત્યારબાદ વધુ સારવાર અર્થે વેરાવળ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતા. આ અકસ્માતના પગલે હાઈવે ઉપર લોકોના ટોળા એકઠા થયેલ જયારે મૃતકના પરીવારમાં ગમગીની પ્રસરી ગઈ હતી.

આ ઘટના બનતા ટ્રક ચાલક પોતાના હવાલા વાળો ટ્રક લઈ સ્થળ પરથી નાશી છૂટ્યો હતો. આ ગોઝારા અકસ્માતમાં કાળમુખા ટ્રક ચાલકે નાના એવા પરિવારનો માળો વીખી નાખતા અરેરાટી પ્રસરી ગઈ હતી. આ અકસ્માત અંગે સોમનાથ મરીન પોલીસે ટ્રકચાલક વિરુદ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સોમનાથ-વેરાવળ અને તાલાલા હાઈવે ઉપરના ૬ ધાર્મિક દબાણો અંગે કલેકટરે અપીલ કર્યા બાદ સ્વેચ્છાએ દુર થયા

## પ્રખ્યાત જમજીર ધોધ આસપાસ ખડકાયેલા અનઅધિકૃત દબાણો ઉપર જીલ્લા વહીવટી તંત્રનું બુલડોઝર ફરી વળ્યુ

- **હાઈવે અને પ્રવાસન સ્થળએ સરકારી જગ્યામાં ખડકાયેલા ધાર્મિક સહિતના દબાણો દુર થતા કરોડોની જમીન ખુલ્લી થઈ**





અહેવાલ : રવિ ખખ્ખર, ગીર સોમનાથ

ગીરસોમનાથ, તા. ૧૮: ગીર સોમનાથ જીલ્લાના ટુરીસ્ટ સર્કીટના હાઈવે ઉપર તથા પ્રખ્યાત જમજીર ધોધ આસપાસ સરકારી તથા ખેતી-બિનખેતીની જગ્યા ઉપર ખડકાયેલા ગેરકાયદેસર ધાર્મિક સહિતના બાંધકામો દુર કરવા જીલ્લા વહીવટી તંત્રએ કામગીરી હાથ ધરી હતી. જેમાં છ જેટલા ધાર્મિક દબાણોએ સ્વચ્છેઆએ દુર કર્યા હતા જ્યારે જમજીર ખાતેના દબાણો ઉપર સરકારી બુલડોઝર ફરી વળતા ૬ કરોડની જમીન ખુલ્લી કરાવી છે. તંત્રની આ કામગીરીથી ભુમાફિયાઓ અને દબાણકર્તાઓમાં ફફડાટની લાગણી પ્રસરી ગઈ છે. જિલ્લામાં મુખ્ય ટુરિસ્ટ સર્કિટ તરીકે ઓળખાતા સોમનાથ-વેરાવળ વાયા તાલાલા હાઈવે ઉપર તેમજ જિલ્લા સેવા સદન પાસે આવેલા ધાર્મિક દબાણના લીધે રાજ્યધોરી માર્ગ પર રોડ સેફ્ટીની દ્રષ્ટિએ બ્લાઈન્ડ સ્પોટ જનરેટ થતા અકસ્માત થવાની ભીતિ સર્જાતી હતી. જેથી જિલ્લા કલેકટર ડી.ડી. જાડેજાએ કરેલ અપીલને લોક સહકારથી હાઈવે પરની મસ્તાના બાબાની દરગાહ, ઈણાજ પાટીયા પાસે મામાદેવ મંદિર, રામેશ્વર મહાદેવ મંદિરની કમ્પાઉન્ડ વોલ અને હનુમાન ડેરી તથા સવની પાટીયા પાસે ખોડીયાર માતા મઢ, મામાદેવ મંદિર મળી કુલ છ જગ્યાના ધાર્મિક દબાણો દુર થતા અંદાજે ૮ હજાર ચો.ફુટ જગ્યા ખુલ્લી થઈ છે.

આ ઉપરાંત જામવાળા પાસે આવેલ પ્રખ્યાત જમજીર ધોધની મુલાકાતે મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે. આ સ્થળે પાર્કિંગની અપૂરતી સુવિધા તેમજ સાંકડા રસ્તાના કારણે પ્રવાસીઓને મુશ્કેલીઓ પડતી હતી. જે ધ્યાનમાં આવતા કલેક્ટર જાડેજાએ જમજીર ધોધની રૂબરૂ મુલાકાત લઈને કાયમી નિરાકરણ માટે આ જગ્યાની આસપાસની સરકારી જમીનના અનઅધિકૃત દબાણો આઈડેન્ટીફાય કરી તા.૧૪ જુનના રોજ જિલ્લા જમીન દફતર નિરીક્ષક પાસે માપણી કરાવતા જુદા-જુદા આસામીઓએ ખેતી અને બિનખેતી વિષયક દબાણો કરેલ હોવાનું સામે આવ્યુ હતુ. જેને દુર કરવા કલેકટરે સુચના આપતા સ્થાનીક વહીવટી તંત્રની ટીમ દ્વારા ધોધ આસપાસના દબાણો ઉપર બુલડોઝર ફરી વળ્યુ હતુ. જેમાં ત્રણ આસામીઓએ કરેલા દબાણો દુર કરાતા અંદાજે ૬ કરોડની જમીન ખુલ્લી થઈ છે. જેથી ધોધ ખાતે આવતા પ્રવાસઓને પાર્કિંગ અને પહોળા રસ્તાની સુવિધા ઉપલબ્ધ થશે.





હેમુ ગઢવી હોલ રાજકોટ ખાતે રીફા ઈકોનીક ફિલ્મ એવોર્ડ શો યોજાયો જેમાં રાજકોટ જિલ્લા પત્રકાર બાબુભાઈ ડાભી બામણબોરને શીલ્ડ મેડલ ફૂલોથી સન્માનિત કરવામાં આવ્યા હતા પ્રજાના પ્રશ્નોના વાંચા આપવા એવા પત્રકાર અને રિપોર્ટર ને ચોથો સ્તંભ ગણવામાં આવતો હોય છે જેમાં રાજકોટ જિલ્લા પત્રકાર બાબુભાઈ આર ડાભી બામણબોર મીડિયા ક્ષેત્રમાં નામના ધરાવે છે બાબુભાઈ ડાભી નીડરતાપૂર્વક અને બે ધડક કામગીરી કરે છે જેમાં હેમુ ગઢવી હોલ રાજકોટ ખાતે રીફા ઈકોનીક ફિલ્મ ઓવાડ કાર્યક્રમ યોજાયો હતો જેમાં આ કાર્યક્રમમાં નિર્માતા પરદીપ સુરી વાલા દિગ્દદશ સાબીર શેખ લાઈન પ્રોડક્શન ચક્રવર્તી પ્રિયમ કલાકાર અખિલેશ વર્મા ગાંગુલી સાહાબાદ ખાન એક્શન ખાન અમૃત ધુજારી મુસ્કાન રાજ મુરાદ અલી ખાન રાકેશ ફિલ્મ બોમ્બે થી પધારેલ પુરી ટીમ અને નામી અનામી કલાકાર સંગીતકાર ફિલ્મી ડાયરેક્ટર પ્રોડ્યુસર તેમજ પત્રકાર અને રિપોર્ટર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમને સફળ બનાવીને મીડિયા અને રિપોર્ટર મીડિયા કર્મીનો આભાર વ્યક્ત કરતા જેમાં રાજકોટ જિલ્લામાં સારે ગુજરાતમાં ગુજતું એવું બેન શ્રી વર્ષાબેન પરમાર રાજકોટ જયપાલસિંહ ઝાલા અને એની ટીમ ભારે જહમત ઉઠાવી હતી આ પ્રસંગે આમંત્રણ મહેમાન જયેશ ઠાકોર રાધા વસોટા અમદાવાદ જીગ્નેશભાઈ તલસાણીયા વિજય સરવૈયા જેસીંગભાઈ સારોલા અને પત્રકાર બાબુભાઈ ડાભી ઉપસ્થિત રહ્યા હતા.


# ગુજરાતના સ્કૂલ વાહન ચાલકો આજથી અનિશ્ચિત મુદતની હળતાળ પર



અમદાવાદ, તા. ૧૮ઃ રાજકોટના ગેમ ઝોનમાં લાગેલી આગથી બનેલી દુર્ઘટના બાદ રાજ્ય સરકારે સ્કૂલ વાન માટે પણ કડક નિયમો બનાવ્યા છે. રાજ્યના સ્કૂલ વાન ચાલકોએ કાયદેસરની પરવાનગી નહીં મળે ત્યાં સુધી ૧૮ જૂનથી હળતાળ પર જવાનો નિર્ણય કર્યો છે. તેમની હળતાળ અચોક્કસ મુદતની હશે એટલે કે તેઓ ક્યારે હળતાળ સમાપ્ત કરશે તે નક્કી નથી.

સમગ્ર ગુજરાતના સ્કૂલ વાન ચાલકો આજથી અચોક્કસ મુદતની હળતાળ પર જવાના છે. તેમણે જણાવ્યું છે કે જ્યાં સુધી સત્તાવાળાઓ પાસેથી કાયદેસરની પરવાનગી નહીં મળે ત્યાં સુધી તેમની હળતાળ જારી રહેશે. સ્કૂલ વર્ધી એસોસિએશનના આગેવાનોની રવિવારે મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. એસોસિએશને દાવો કર્યો હતો કે તેના સભ્યો છેલ્લા ચાર વર્ષથી તેમના વાહનો માટે ફિટનેસ પ્રમાણપત્રો અને મંજૂરીઓ મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. તેઓ શાળા પરિવહન વાહનો માટે સરકારની નવી માર્ગદર્શિકાથી પણ અસંતુષ્ટ છે. એસોસિએશને વિદ્યાર્થીઓના માતાપિતાને તેમને સમર્થન આપવા વિનંતી કરી છે અને દાવો કર્યો છે કે તેમને સરકાર દ્વારા અન્યાયી રીતે હેરાન કરવામાં આવી રહ્યા છે. જ્યાં સુધી તેનો ઉકેલ ન આવે ત્યાં સુધી તેઓ હળતાળ ચાલુ રાખવાના છે અને તેના કારણે વાલીઓએ તેમના બાળકોને શાળા મૂકવા-લેવા જવાની ફરજ પડશે.

# કાઠી દરબાર શિક્ષણ સંકલન ટીમ બોટાદ દ્વારા પાળિયાદ ઠાકર પૂજ્ય શ્રી નિર્મળાબા ઊનડબાપુ તથા ભયલુબાપુનું સન્માન



અહેવાલઃ કનુભાઈ ખાચર

પાળિયાદ, તા. ૧૮ઃ લાખો લોકોની શ્રદ્ધાનું કેન્દ્ર એવાં પૂજ્યશ્રી વિસામણબાપુની જગ્યા વિહળધામ પાળિયાદની દિવ્ય પરંપરા વર્ષોથી સનાતન ધર્મ અને ભારતીય સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધન માટે સમર્પિત રહી છે અને આથીજ સમગ્ર ભારત ભરના તમામ પરમ આદરણીય સંતો -મહંતશ્રીઓ અને સાધુ સમાજનો વર્તમાન મહંત શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા ઊનડબાપુ તથા અખિલ ભારતીય સંત સમિતિના સદસ્ય શ્રી તથા વિહળધામ પાળિયાદના પ્રેરક, સંચાલક આદરણીયશ્રી ભયલુબાપુ માટે વિશેષ આદરભાવ અને સ્નેહ રહ્યોં છે.

ઋષિઓ અને મહર્ષિઓની ભવ્ય ભારતની આ સનાતન પરંપરાના શ્રેષ્ઠ વહન, સંરક્ષણ અને સંવર્ધન માટે કટિબદ્ધ બનતાં શ્રી સનાતન ધર્મ સંસ્થાન સેવા ટ્રસ્ટ -ભારતના અધ્યક્ષ દ્વારકા શારદાપીઠાધીશ્વર જગતગુરુ શંકરાચાર્ય પૂજ્ય સ્વામી શ્રી સદાનંદ સરસ્વતી મહારાજના અધ્યક્ષ સ્થાને રાજકોટ ત્રંબા મુકામે ''સનાતન ધર્મ સંત સંગોષ્ઠી''નું ભવ્ય દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ઐતિહાસિક ક્ષણે પાળિયાદના શ્રી વિસામણબાપુની જગ્યાનાં મહંત પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા ઊનડબાપુને વિશેષ પદ આપતાં સમગ્ર ભારતના સનાતન ધર્મના સભ્યશ્રી તરીકે નિયુક્ત કરવામાં આવતાં પૂજ્ય બા માટે સવિશેષ આદરભાવ અને ગૌરવ અનુભવતાં કાઠી દરબાર શિક્ષણ સંકલન ટીમ બોટાદ દ્વારા સુંદર મોમેન્ટો,શાલ, પુષ્પમાળા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું તથા વિહળધામ પાળિયાદમાં સનાતન ધર્મની જ્યોત સતત ઝળહળતી રાખવા બદલ પરમ આદરણીય શ્રી ભયલુબાપુનુ અયોધ્યા રામમંદિરની વિશેષ મોમેન્ટ પ્રતિકૃતિ તથા શાલ, પુષ્પમાળાથી ભવ્ય સન્માન કરી આશીર્વાદ મેળવ્યા હતાં.




માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ ગોંડલ દ્વારા આજ રોજ દાતાશ્રી તરફથી ભીમ અગિયારસના તહેવાર નિમિત્તે ઝુંપડપટ્ટી ના બાળકોને ૧૨૦ જોડી નવા કપડાંનું વિતરણ કરવામાં આવ્યું માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ ગોંડલ ટીમ બંટીભાઈ ભુવા, કિશોરભાઈ ધડુક કાર્તિકભાઈ સાવલીયા, નિરંજન ગીરી, ચંદ્રેશભાઈ સોલંકી વર્ષાબેન મોઢવાણિયા રમાબેન કંડોલિયા, મિતલબેન ત્રિવેદી,રીધ્ધીબેન ડાભી અંકિતાબેન પટેલ વગેરે સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# વિંછીયામાં ઠાકોર અને કોળી સમાજની ચિંતન શિબિર યોજાઈ

વિછીંયા, તા. ૧૮ઃ વીંછીયા મુકામે સમસ્ત ઠાકોર અને કોળી સમાજ એકતા મશીન ગુજરાત અને કોળી વિકાસ સંગઠન ગુજરાત સંયુક્ત ઉપક્રમે કારોબારી સમિતિની બેઠક અને સમસ્ત કોળી સમાજ ચિંતન શિબિર તારીખ ૧૬ના રોજ ચિંતન શિબિરનું આયોજન રાખવામાં આવેલ જેમાં ગુજરાત ભરમાંથી વિવિધ સમસ્ત ઠાકોર અને કોળી સમાજ હોદ્દેદારો અધિકારીઓ કોળી સમાજના આગેવાનો ઠાકોર સમાજના આગેવાનો હાજર રહ્યા હતા વિવિધ મુદ્દાઓ લઈને ચિંતન મંથન કરવામાં આવ્યું હતું તેમજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને શિક્ષણ લક્ષી કાર્યક્રમ ખોટા રિવાજો ખોટા જમણવાર લગ્ન વિધિ માંડવા અને બેન્ડ પાર્ટી વગેરે સમાજ જાગૃત થાય એવા ખોટા ખર્ચા બસ એવી એવું ભાષણ આપ્યું હતું.

## ઘરની ધોરાજી ચલાવતી ધોરાજી નગરપાલિકા

# ધોરાજી નગરપાલિકાએ ધોરાજી સિવિલ હોસ્પિટલમાં ફાયર સેફ્ટી સાધનનું ચેકીંગ હાથ ધર્યા વગર નોટિસ ફટકારી




તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

- **નિયમ અનુસાર ફાયર સેફ્ટીના સાધનો અને સરકારની મંજૂરી હોવા છતાં પણ નગરપાલિકાએ નોટિસ આપી**

ધોરાજી, તા. ૧૮ઃ રાજકોટમાં અગ્નિકાંડની ઘટના બન્યા બાદ અધિકારીઓ પણ કોઈપણ જાતનું તપાસ કરી આ વગર બેફામ બન્યા છે અને પોતાની જવાબદારી ફીટ ન થાય તે માટે આડેધડ નોટિસો ફટકારી રહ્યા છે તેમજ ખરેખર જે જગ્યાએ નોટિસ આપવાની છે ત્યાં નોટિસ નથી આપતા અને કાયદેસરની બિલ્ડીંગો છે એમને નોટિસો આપે છે તે બાબતે પણ ધોરાજીમાં ચર્ચાનો મહોલ બન્યો છે

પ્રાપ્ત માહિતી મુજબ 'ઘરની ધોરાજી' ચલાવતી ધોરાજી નગરપાલિકાએ સરકારી હોસ્પિટલમાં ફાયર સેફ્ટીના સાધનોનો હોવા બાબતે લેખિતમાં નોટિસ ફટકારતા ચર્ચા વ્યાપી ગઈ હતી અને નોટિસનો તાત્કાલિક જવાબ આપવાનો પણ ફાયર સેફ્ટીના અધિકારીઓની સહી સાથે જણાવેલું હતું

આ બાબતે ધોરાજી સરકારી હોસ્પિટલના અધિક્ષક ડોક્ટર જયેશ વસેટીયન એ જણાવેલ કે ધોરાજી સરકારી હોસ્પિટલ કોરોના સમયની અંદર જ સિવિલ હોસ્પિટલના તમામ વોડ અને તમામ વિસ્તારમાં ફાયર સેફ્ટી ના સાધનો અને સરકારના નિયમ પ્રમાણે તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે અને એનઓસી પણ મળી ગઈ છે અને બે વખત રીન્યુ પણ થઈ ગઈ છે કોઈપણ પ્રકારનો સરકારી હોસ્પિટલમાં ફાયર સેફ્ટીના સાધનો બાબતની કવેરી નથી છતાં પણ ધોરાજી નગરપાલિકાના મુખ્ય અધિકારી એ લેખિતમાં નોટિસ આપતા જણાવેલ કે નોટીસ આપી જણાવવાનુ કે, ધોરાજી નગરપાલિકા દ્વારા આપશ્રીની ઉક્ત સરનામાં વાળી મિલ્કતમાં સ્થળ તપાસ કરતા આપશ્રીની મિલ્કતમાં પુરતા પ્રમાણમાં અગ્નિશામક સાધનો અને સુવિધાઓ ઉપલબ્ધ નથી. તેમજ આપશ્રી દ્વારા ઉક્ત મિલકત માટે સક્ષમ સત્તા અધિકારી પાસેથી ફાયર NCC મેળવેલ નથી.

આ પ્રકારની ધોરાજી નગર પાલિકા એ કોઈ પણ જાતના ફાયર સાધનની ચેકીંગ હાથ ધર્યા વગર નોટિસ ફટકારી હોવાનો આક્ષેપ સરકારી હોસ્પિટલના અધિક્ષક ડોક્ટર જયેશ વસેટીયનને કર્યો હતો. ધોરાજી સિવિલ હોસ્પિટલમાં ફાયર સેફ્ટી ના તમામ સાધનો ઉપલબ્ધ છે.

ધોરાજી સિવિલ હોસ્પિટલમાં ફાયરના તમામ સાધનો અને ઈમરજન્સી એક્ઝીટની સીડી પણ ઉપલબ્ધ છે. ફાયર સેફ્ટીની નોટિસ મળ્યા બાદ ડેપ્યુટી કલેકટર અને ચીફ ઓફિસર ને પણ આ બાબતે જાણ કરાઈ છે

આ બાબતે ધોરાજીના ડેપ્યુટી કલેકટર અને ચીફ ઓફિસર એ આ બાબતે જવાબદારી માંથી હાથ ઊંચા કર્યા નો સિવિલ હોસ્પિટલ અધિક્ષક ડોક્ટર જયેશ વસેટીયને આક્ષેપ કર્યો હતો

અને જણાવ્યું કે અમારે ૨૦૨૫ સુધી કાયદેસર મંજૂરી છે નગરપાલિકાએ કોઈપણ જાતના તપાસ કર્યા વગર સીધી નોટિસ આપી દેતા અમોને પણ થોડી તકલીફ પડી છે આ બાબતે યોગ્ય તપાસ કર્યા પછી નોટિસ આપવી જોઈએ તેવું ડોક્ટરે જણાવ્યું હતું. ધોરાજી નગરપાલિકામાં છેલ્લા દોઢ વર્ષથી વહીવટદાર ડેપ્યુટી કલેક્ટરનું શાસન ચાલી રહ્યું છે છતાં ધોરાજી નગરપાલિકા એટલે અંધેરી નગરી ને ગંડુ રાજા..? જેવો મહોલ સર્જાયો છે...?

# કાલાવડ તાલુકાના નિકાવા ગામે વીજળી પડવાથી બાંધેલો કુવો ધરાશાયી થયો


રિપોર્ટર-તુષાર વાદી

કાલાવડ, તા. ૧૮ઃ કાલાવડ તાલુકાના નિકાવા ગામે વિરડીયા કેતનભાઇ લીંબાભાઈની વાડીએ તા. ૧૪ના રોજ સાંજે ચાર-સાડા વાગ્યાની આસપાસ અચાનક વીજળી પડતા આર.સી.સીનો બાંધેલો કૂવો ધરાસાઈ થયો ગયો હતો. કાલાવડ રોડ ઉપર આવેલા અવધ નમકીનના કારખાનાની બાજુમાં કેતનભાઇ લીંબાભાઇ વિરડીયા વાડીએ બપોરના ચાર વાગ્યાની આસપાસ અચાનક વીજળી પડતા કૂવાને ફરતી બાંધેલી આર.સી.સીની રેલિંગ કુવાની અંદર ધરાસાઈ થઈ ગઈ છે. મળતી વિગત અનુસાર હાલ કુવાની હાલત એટલી ભયાનક છે કે જો આજુ બાજુમાં રખડતા ઢોર કુવાની પાસે જાય તો માટી સાથે ઘસીને કુવામાં પડવાની શક્યતા રહેલી છે. કેતનભાઇ વિરડીયા એ વધુમાં જણાવેલ કે પાણીની મોટર, કેબલ તથા પાઇપ સહિત આર.સી.સી થી બાંધેલ કુવો ધરાશય થવાથી રૂપિયા ૪,૫૦,૦૦૦ થી ૫,૦૦,૦૦૦ જેવું નુકસાન આવેલ છે.

નાના ખેડૂતો હોવાથી સરકારશ્રી પાસેથી કેતનભાઇ વિરડીયાને યોગ્ય વળતર મળે તેવી માંગણી છે.

॥ ૐ શાંતિ ॥

# દુ:ખદ અવસાન
# બેસણું



## સ્વ. હર્ષભાઈ હિતેષભાઈ ડોબરીયા

નું દુ:ખદ અવસાન જેઠ સુદ-૧૧ ને સોમવાર તા. ૧૭-૦૬-૨૦૨૪ ના રોજ થયેલ છે.
પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

**: બેસણું :**

તારીખ : ૨૦-૬-૨૦૨૪, ગુરૂવાર
સમય : સાંજે ૪-૦૦ થી ૬-૦૦ કલાકે
સ્થળ : 'અમારા નિવાસ સ્થાને',
શ્રીનાથ પાર્ક, શેરી નં-૧, ક્રાંતિ માનવ સેવા ટ્રસ્ટની બાજુમાં,
૮૦ ફુટ રોડ, કુવાડવા રોડ, રાજકોટ.
મો. ૯૦૯૯૯ ૯૬૨૩૩

**: લી. :**

દેવરાજભાઈ ખોડાભાઈ ડોબરીયા
હિતેષભાઈ દેવરાજભાઈ ડોબરીયા
નિલમબેન હિતેષભાઈ ડોબરીયા
અમિષાબેન હર્ષભાઈ ડોબરીયા
**તથા ડોબરીયા પરિવારના જયશ્રી કૃષ્ણ**


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM
TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71

નો ફેવર, નો ફિઅર...


# સામના મિરર

Daily Morning Newspaper



ડિજિટલ ભારતની સાથે

તમે પણ બનો ડિજિટલ...



તમારા ધંધા-વેપારની
જાહેરાત 'સામના મિરર'માં
આપી આપના
વ્યવસાયને પહોંચાડો
લાખો વાંચકો સુધી...





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ** પર

**Hi લખીને મોકલો**



**98983 17826**

અને જોડાઇ જાવ અમારી સાથે...


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઇ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062